ॐ जय श्री राम

— સંત ઉપદેશ સંગ્રહ —

યાને

# સતસંગ મહિમા



કિંમત વાંચો વંચાવો અને વિચારો

: પ્રકાશક :

માલદેવ રાણા

પોરબંદર

ॐ जय श्री राम

## — સંત ઉપદેશ સંગ્રહ —

યાને

# સતસંગ મહિમા



કિંમત વાંચો વંચાવો અને વિચારો

: પ્રકાશક :

માલદેવ રાણા

પોરબંદર

જીવન પ્રેસ : સુદામા રોડ,—પોરબંદર.

# આભાર

આ પુસ્તક વાંચનારા પ્રેમી ભાઇઓ પાસે એક હકીકત રજુ કરતાં મને અતી આનંદ થાય છે કે:– કનખલ (હરિદ્વાર) ઉદાસીન પંચાયતી બડા અખાડાના પરમ વંદનિય પૂજ્યપાદ આચાર્ય સ્વામીજી શ્રી બ્રહ્મહરિ મંડલેશ્વર મહારાજ પૂજ્ય મહંતો અને સંતોના મંડલ સાથે પોરબંદર પધારેલા હતા અને ચાર્તુર્માસ પોરબંદરમાં પૂરો કર્યો તે દરમિયાન પોરબંદરની ધર્મપ્રેમી જનતાને પૂજ્ય આચાર્યશ્રી સ્વામીજી બ્રહ્મહરિ મંડલેશ્વર મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવત ધર્મગ્રંથનું શ્રવણ કરાવ્યું હતું. તેઓશ્રીએ આપણા ધર્મશાસ્રો વેદ, ઉપનિષદો, પુરાણો, રામાયણ વીગેરેનો ઉંડો અભ્યાસ કરેલ છે, ખૂબ મનન અને નિદિધ્યાસન દ્વારા જ્ઞાન અને ભક્તિના રંગથી તેઓ રંગાયેલા છે. એઓશ્રીની કથા કરવાની એવી ઉત્તમ શૈલી છે કે, શ્રોતાજનો ભાઇઓ અને બહેનો સાંભળે છે તેના રૂદય પર ઊંડી છાપ પડે છે. આ એના અપાર જ્ઞાનનો પ્રભાવ છે. તેઓશ્રીની અમૃતમય વાણી સાંભળવાને માટે હું પણ દરરોજ જતો હતો અને એ સતસંગ સરિતમાં સ્નાન કરીને પાવન બનતો. પૂજયપાદ આચાર્યશ્રીની મારા ઉપર પારાવાર કૃપા હતી. તેમની મારા પ્રત્યે અમીદૃષ્ટિ હતી. અને એ ભગવાનનીજ કૃપાનું પરિણામ છે એમ હું માનતો. આ પુસ્તક લખવાનું મેં શરૂ કર્યું અને સતશાસ્ત્રો અને સંતપુરુષનાં બોધદાયક વચનોનો આધાર લઇ મારી અલ્પમતી અનુસાર લખી તૈયાર કર્યું. આ પુસ્તકમાં જે જે સંસ્કૃત શ્લોકો છે તે શ્લોકોમાં મને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નહિં

હોવાને કારણે અનેક ભૂલો હતી. આ પુસ્તક મેં પૂજ્ય આચાર્યશ્રી આગળ રજુ કર્યું ત્યારે પોતાના સમયનો ભોગ આપી અને શ્લોકોમાં રહેલી ભૂલો પોતે શ્રમ લઇ સુધારી આપી છે. સંતોના સ્વભાવ તો દયાળુ હોય છે. તો મારા પર કૃપા કરીને મને જે આ કાર્યમાં સહાય કરી તે માટે હું તેઓશ્રીનો હાર્દિક ઉપકાર માનું છું. તેઓશ્રી એટલા નિઃસ્પૃહ છે કે જો આપણે ભેટ ધરીએ તો તેઓ સ્વીકારતા નથી અને તેઓ કહે કે, હમકું તો પહેરનેકા કપડા ઔર ખાનેકા મીલે તો બહોત હે, હમકુ દૂસરી જરૂરીયાત નહીં હે. હંમ દેશ દેશાવરમે ફીરતે હેં વો કેવલ ધર્મકા પ્રચાર કે લીયે ફીરતે હે. એમની આ નિઃસ્પૃહતા જોઇ એમના પ્રત્યે માન અને પ્રેમ ઉત્પન્ન થાય છે. તેઓશ્રીનો ફરીથી આભાર માનું છું. આ પુસ્તક છપાવવાનો ખર્ચ વીસાવાડાના રહીશ મહેર કેશવારા મેણંદભાઈ (સુકાભાઇ) મશરીભાઈએ વગર કહયે મોકલી આપેલ છે. આ મેણંદભાઇ સ્વધર્મપ્રેમી છે અને પ્રમાણીકપણે રહેનારા છે. એમના રૂદયની નિર્મલતા અને ધર્મ પ્રત્યે પ્રીતિ જોઇ મને આનંદ થાય છે મહેર જ્ઞાતિમાં આવા ગુણવાન પુરૂષને માટે અમારે તો ગૌરવ લેવા જેવું છે. તેઓ હાલ આફ્રિકામાં ધંધો કરે છે. તેના માતા-પિતા પણ નીતીવાન અને સતસંગી છે. તેઓ પોતાના ધંધામાં ખૂબ ખૂબ આગળ વધે અને સુખ શાન્તિના ભોકતા બને એજ ભગવાન પાસે પ્રાર્થના.

શુભેચ્છક,

માલદેવ રાણા ના

જય શ્રી રામ

# અર્પણ પત્રિકા

મેર ક્ષત્રિય જેવી વીર અને ઉદાર સ્વભાવવાળી જાતિમાં જન્મ લઇ ખેતીનો ધંધો કરનારા સંસ્કારી માતા–પિતાને ત્યાં જન્મ લઇને પૂર્વ જન્મમાં અધુરો રહી ગયેલો યોગ (પ્રભુભકિત) પૂરો કરવાને બરડા પ્રદેશના વીસાવાડા ગામે (મૂળદ્વારકા) જેમણે જન્મ લીધો હતો. અને જેને મહાન પુણ્યના પ્રભાવે સંસારની અસારતા સમજાઇ જતાં અને નિર્મળ રૂદયમાં વૈરાગ્યનો ઉદય થતાં જ્ઞાન અને ભકિતના રંગથી જેનું રૂદય રંગાઇ ગયું હતું અને પ્રભુભક્તિમાં વીશેષ વૃદ્ધિ કરવાની ભાવનાથી યોગના સાધનો ( યમ, નિયમ, પ્રાણાયામ, ધારણા, ધ્યાના સમાધિ ) દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી, સંયમ કેળવી અને સંસારનો તથા સંસારના વિષયો અને સગા સબંધીઓનો મોહ મમત્વ દૂર કરી અને સર્વ સંકલ્પ વીકલ્પોને સમાવી ચિત્તને સ્થિર કરી જગતનિંયંતા પરમાત્મામાં જ ચિત્ત જોડી અવિચળ શાન્તિ અને સુખના ભોકતા બની અને જેમણે પરમપદ્દની પ્રાપ્તિ કરી હતી. એવા પ્રાતઃસ્મરણીય પરમ વંદનિય પરમપૂજ્ય શ્રી કલ્યાણદાસજી બાપુના પવિત્ર ચરણકમળમાં આ પુસ્તક અર્પણ કરૂં છું.

સેવક,

માલદેવ રાણા ના કોટી પ્રણામ

# ભગવાન શ્રીરામની પ્રાર્થના

અજર અમર જયજય અવિનાશી, પરમ સુખધામ પ્રભૂ સ્વયં પ્રકાશી
અદ્દભુત એક અવ્યક્ત અરૂપા, તાપ ત્રિવિધ હરત્રિભુવન ભૂપા
જય ભક્તન કે ભવ ભય ભંજન, રસસાગર ઋષિમુનિ મનરંજન
જય અક્ષર પરિબ્રહ્મ કૃપાલુ, દાનવ મદહર દીનદયાળુ
નિજ પણ પાલક પતિત પાવન, નાથ સકલ ઉર શોક નશાવત
જય જગકર્તા પાલનહર્તા, સુખસાગર જય ધરણી ધરતા
તુમારો ધ્યાન ધરત મુની જોગી, પાય કૃપા તવ રહત નિરોગી
બાવન બાહીર એક અનાદી, જાનત કો બિરલ બ્રહ્મવાદી
સુમીરન કરે તુમારો કોઇ, વ્હેજન નિશ્ચય તુમારો હોય
પરમ પ્રભાવ તુમારો સ્વામી, અંતરયામી જય બહુનામી
નારદ શારદ શેષજ ધ્યાવે, પાર તુમ્હારો કોઇ ન પાવે
નેતિ નેતિ નિત વેદ વખાણે, પ્રાણપતિ તુંમકો કો જાણે
એક બેર તમ નામ ઉચારે, કોટીન કોટીન કાજ સુધારે
એક ચિત્ત તુમકો આરાધે, સો નર સબ સિદ્ધિકો સાધે
સુમરે તુમકો શ્વાસે શ્વાસે, જનમ જનમકે પાતક નાશે
નામ સ્મરણકો મહિમા ભારી, સકલ સુલભ સબવિધિ સુખકારી
આનંદમય જય આનંદકારી, શાંતિમય જય શાંતિકારી
મંગલમય જય મંગલકારી, પૂર્ણરૂપ ભય ભ્રાંતિહારી
સત્ય શ્રેયકર અમૃત સિન્ધુ, દુઃખ દાવાનલ હર દિનબંધુ
સ્વયંમ સ્વરૂપ જબ પ્રગટત ઉરમે, મોહતિમિર નાશત પલભરમે

પરમ વંદનિય જ્ઞાન સ્વરૂપ આચાર્યશ્રી બ્રહ્મહરિ સ્વામી મંડલેશ્વર મહારાજશ્રીનો પુસ્તક વિષેનો અભિપ્રાય હીન્દીમાં લખાએલ તેનો આ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે.

## —અભિપ્રાયના બે શબ્દો—

અનાદિ કાલથી દરેક મનુષ્ય દુઃખનો નાશ થાય અને અખંડ નિત્ય સુખની પ્રાપ્તિ થાય તે માટે નિરંતર પ્રયાસ કરતો આવ્યો છે. દરેક મનુષ્ય આ માટે પ્રયાસ કરતાં છતાં અખંડ નિત્ય સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. અખંડ નિત્ય સુખની પ્રાપ્તિ ન થવાનું કારણ જીવનું અજ્ઞાન છે. આ અવિદ્યાવાળુ અજ્ઞાન તે દ્વારા મોહવશ બની આ જીવ અખંડ નિત્ય સુખ સ્વરૂપ નિજાત્મ તત્વને છોડીને દુઃખદાયક સંસારમાં વિષયોમાં સુખ માની રહ્યો છે અને તેથી જન્મ મૃત્યુના ચકકરમાં ભટકતો ફરે છે. મૃગજળમાં ખોટો પાણીનો આભાસ હોવા છતાં જેમ તૃષાતૂર મૃગ પાણી મેળવવા દોડયા કરે છે અને દોડાદોડીમાં પોતાનું જીવન બરબાદ કરે છે. એ પ્રમાણે આ અજ્ઞાની જીવ સંસારના વિષયોમાં ખોટા સુખ ને સાચા સુખની કલ્પના કરી સંસારના વિષયોમાં વધારો કરવામાં પોતાનું જીવન બરબાદ કરે છે.

આ મનુષ્ય જીવન તો ફરીથી મળવું એ બહુ દુર્લભ છે. તો તેને બરબાદ ન કરી નાખવું જોઇએ. મનુષ્યોએ વિચારવું જોઇએ કે અનેક સાધનોનું ધામ અને મોક્ષનું દ્વાર એવું આ મનુષ્ય જીવન પ્રાપ્ત કરીને મૃત્યુ કયારે આવશે તેની કાંઇ કોઇને ખબર નથી તો એ મૃત્યુ આવ્યા પહેલાંજ આત્મ સ્વરુપને ઓળખવા અને પ્રાપ્ત કરવાને સતત પ્રયત્ન કરવો જોઇએ.

શ્રીમદ ભાગવતમાં પણ કહેલ છે કે:-

લબ્ધ્વા સુદુર્લભમિદં બહુસમ્ભવાન્તે
માનુષ્યં મર્થદમ નિત્યમપીહ ધીર:
તૂર્ણં યતેત નુ પતેદ્દનુ મૃત્યુ યાવ
નિ: શ્રેયસાય વિષય: ખલુ સર્વત: સ્યાત્ ॥

અનેક જન્મો પછી પરમ પુરુષાર્થના સાધન રુપ આ નર દેહને (જે નાશવંત હોવા છતાં પણ પરમ દુર્લભ છે) પામીને ધીર પુરૂષ માટે એજ ઉચ્ચીત છે કે મૃત્યુને શરણ થયા પહેલાંજ જલ્દી પોતાનાશ્રેય (મોક્ષ) ની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરી લેવામાં આવે. કેમકે વિષયો તો દરેક યોનિયોમાં પ્રાપ્ત થવાના છે (એનો સંગ્રહ કરવામાં અમુલ્ય અવસર શા માટે ગુમાવવો !) શાસ્ત્રોમાં આત્મદર્શનનેજ વાસ્તવીક સુખ યાને મોક્ષ કરેલ છે અને એ મોક્ષને સત શાસ્ત્રો અને મહાન વિરકત સંતોદ્વારા જ્ઞાન ભકિત પ્રેમ નિષ્કામ કર્માદિ સાધનો દ્વારાજ પ્રાપ્ત થઇ શકે છે. જ્ઞાન ભકિત આદિ સાધન રુપી ફૂલો વિવિધ શાસ્ત્રોરુપી ઉપવનોમાં જુદે જુદે સ્થળે પડેલાં છે અને તેને એકગ્ર કરવા (ભેળા કરવા) એ સાધારણ મનુષ્યો માટે અશકય છે.

એ માટે જેના દિલમાં વિશ્વ હિતની ભાવના છે અને જે પોરબંદરની જનતાને પ્રિય બનેલ છે એવા માનનિય શ્રી માલદેવ રાણાભાઇ વાનપ્રસ્થીએ મનુષ્યના કલ્યાણ માટે જુદા જુદાં સાસ્ત્રોમાં જુદા જુદા સ્થાનોમાં રહેલા જ્ઞાન ભકિત આદિ સાધનરૂપી પુલોને આ નાનકડા પુસ્તકમાં ભેગા કરી જનતાની મહાન સેવા કરી છે. આ "આ સંત ઉપદેશ સંગ્રહ" પુસ્તકનું શ્રવણ અને મનન કરવાથી સાધારણ મનુષ્યો પણ પોતાનું કલ્યાણ સાધી શકશે.

હંમેશાં મહાન પુરુષો જનતાના કલ્યાણ માટેજ સેવા કરતા આવ્યા છે. એ પ્રમાણે મહા પુરૂષોની ગણનામાં ગણાતા પોતાના નામને ધન્ય એવા શ્રી માલદેવ રાણાભાઈ પણ એક મહાન જનતાની સેવા કરનાર મહાપુરૂષ છે. એમણે જે જે જનતાની સેવા કરેલી છે એ મહાન છે અને પ્રખ્યાત છે. અને એ સેવાને કારણે પોરબંદર સમાજ અને તેમની જ્ઞાતિ એમને ચાહે છે. માલદેવભાઇ સંતપ્રેમી અને સતસંગ પ્રેમી છે. અને કોઇપણ ધર્મ કાર્યમાં કે સમાજ હિતના કાર્યમાં પ્રેમથી ભાગ લેવા તત્પર રહે છે. અને માલદેવભાઇ સમાજની ઉન્નતિના કામની સાથે સાથે પોતાના આત્મકલ્યાણ (મોક્ષ) ના સાધનો પણ સાથે રાખીને જ આગળ ચાલે છે. એ એમની વિશેશતા છે.

એમણે પોતાની જ્ઞાતિની ઉન્નતિ માટે તથા સમાજ હિત માટેનાં ઘણાં પુસ્તકો લખેલાં છે. અને હમણાં આ છેલ્લું "સંત ઉપદેશ સંગ્રહ" નામનું પુસ્તક જનતાના કલ્યાણની ભાવના રાખી પ્રકાશીત કરે છે. તેને માટે જન–સમાજ ખરેખર આભારી છે. હું આશા રાખું છું કે, સઘળાં સ્ત્રીં અને પુરૂષો આ "સંત ઉપદેશ સંગ્રહ" નો લાભ અવશ્ય ઉઠાવશે.

કનખલ
(હરિદ્વાર)
હાલ પોરબંદર

આચાર્ય બ્રહ્મહરી સ્વામી
તા. ૧૯ સપ્ટેમ્બર ૧૯૫૮

હે પ્રભુ! તમે અમારા માતા અને પિતા છો, તમેજ અમારા ભાઇ-બન્ધુ અને મિત્ર છો. તમેજ અમારી વિદ્યા અને ધન છો. હે નાથ! તમે અમારું સર્વસ્વ છે. અને તમેજ અમારા ઉપાસ્ય દેવ છો.

## પ્રભુથીજ પ્રીતી કરજે

(રાગ-ભેરવી)

રામ સ્મરણ ચિત્ત ધરજે મનવા રામ સ્મરણ
માત-પિતા ગુરુજનની સેવા, પ્રીતેથી નીત્ય કરજે
જ્ઞાનામૃતનું પાન કરીને, આત્મ સ્વરૂપ ઓળખજે-મનવા
ઉત્તમ સદ્ગુણ ઉરધરીને, રામ નામ રસ પીજે
મનુષ્ય જીવનની એજ સફળતા, પરહિત પ્રીતે કરજે-મનવા
મોહ મમત્વ દૂર કરીને, પ્રભુથી પ્રિતી કરજે
હૃદય મંદિરમાં રામ બિરાજે, શાંત ચીત્તે ઓળખજે-મનવા
માલદેવ આ સાર શાસ્ત્રનો, પ્રિતે ઉરમાં ધરજે
જ્ઞાન ભકિત દિપક પકડીને, જન્મ મરણ ભય હરજે-મનવા

इदं शरीरं परमार्थ साधनं
धर्मो कं हेतुं बहु पुण्य लब्धम
लब्धवाऽ पियोनत धर्म
वृथागतं तस्य नरस्य जीवीतम्

અર્થ:- આ મનુષ્ય શરીર શુભ કાર્ય કરવાને ધર્મને પંથે ચાલવાને માટે અમુલ્ય સાધન છે. આ શરીર મહા-પુણ્યના પ્રતાપથી પ્રાપ્ત થયું છે. આવો ઉત્તમ દેહ મળ્યા

છતાં ધર્મનું આચરણ કે કંઇ સતકાર્ય કર્યું નહીંતો તેનું જીવન વૃથા ગયું સમજવું.

પ્યારા આત્મસ્વરૂપો! આપણે સઘળા જાણીએ છીએ કે,

જગતના દરેક મનુષ્યને અને પ્રાણીઓને અવિચળ સુખ અને અચળ શાંતિ જોઇએ છે. દુનિયામાં એવો કોઇપણ મનુષ્ય નહીં હોય કે, જે દુ:ખની ઇચ્છા કરે. દરેક મનુષ્ય સુખ મેળવવા પ્રયત્ન કરે છે છતાં દરેકને મન માનતું સુખ મળતું નથી. અને દુ:ખ કોઇને જોતું નથી છતાં વગર માગ્યું દુઃખ તો આવે છે. આ કર્મની અજબ રચના છે. એ એમ કેમ બને છે તે જાણવા જરુર છે.

**पुण्यस्य फलमिछन्ति पुण्यं ने च्छन्ति मानवाः ।**
**न पापं फलमिच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ॥**

અર્થ:- માણસો પુણ્યનું ફળ સુખ છે. તે સુખ મેળવવા પ્રયત્ન કરે છે પણ પુણ્ય થાય તેવાં કામ તો કરતા જ નથી અને પાપનું ફળ જે દુ:ખ છે તે દુ:ખ કોઇને જોતું નથી તોપણ પાપ થાય તેવાં કામ તો કર્યાજ કરે છે.

આવી સ્થિતિમાં અચળ સુખની પ્રાપ્તિ કયાંથી થાય! ન કરવા લાયક અનિતીનાં કામ કરવાં છે. ન્યાય અને નીતીને પંથે ચાલવું નથી અને સુખ મળે એવી. આશા રાખવી છે. એ કયાંથી બને!

આત્મકલ્યાણ માટે આત્માની ઉન્નતિ માટે અને અચળ સુખની પ્રાપ્તિ માટે પ્રથમ તો સતપુરૂષો ગુણવાન પુરૂષોના સંગની જરૂર છે. સતસંગની નિત્ય જરૂર છે. એ માટેજ સતશાસ્ત્રોમાં પણ સતસંગનો મહિમા ખુબ બતાવ્યો છે.

" अज्ञाने ना वृत्तं ज्ञान तेन मुह्यन्तिजन्तवः "

જ્યારે મનુષ્યોનો જ્ઞાનરૂપી સૂર્ય અજ્ઞાનરૂપી કાળાં વાદળાંઓથી ઢંકાઇ જાય છે ત્યારે સતકાર્યો કરવાની અને સદ્‌ધર્મને પંથે ચાલવાની ઇચ્છા જ થતી નથી અને સંસારના વષયો ભોગવવામાં લલચાય છે, તેમાં ફસાય છે અને એનું પરિણામ દુઃખદાયક જ બને છે. ચંચલ મન જ્યારે સંસારના વિષયોના સુખમાં લલચાય છે. બંધાય જાય છે ત્યારે તેને સાર અસાર કે હિત અહિતનું ભાન રહેતું નથી. તેથી કરીને સાચી શાન્તિ કે સાચું સુખ કયાં છે એ જાણવા લક્ષ આપતો નથી.

विचार हीनस्य वनेऽपि दुःखं
यतो जितं नैव मनो विकारम्
न बन्धनं क्वापि गृहे प्रयाति
विचार वान यस्तु सुसङ्ग युक्तः

અર્થઃ- આગળ પાછળનો વિચાર કરવાની જેને શકિત નથી એવો વિચાર વગરનો મનુષ્ય કદાચ કોઇ ઘરકંકાસના કારણે કંટાળીને ગભરાઇને સાધુ બની વનમાં ચાલ્યો જાય તો ત્યાં ગયા પછી પણ તેને શાન્તિ કે સુખ તો મળવાનું જ નથી. એનો દુ.ખમાંથી ત્યાં પણ છુટકારો થવાનો નથી. કારણકે અંતઃકરણમાં વિષય વિકારો તો ભરેલા જ છે. અને સંસારના સુખ લેવાની અભિલાષા તો રહી ગઇ છે. વળી ધીરજ કે સહનશીલતાના ગુણો પણ ન હોવાથી મનની નબળાઇને લીધે હૃદયમાં સાચો વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના આવેશમાં આવી વનમાં ચાલ્યો જાય તો ત્યાં તેને શું લાભ મળવાનો છે? તેના કરતાં તો બીજો વિચારવાન ધીરજવાન સદાચારી મનુષ્ય

સદા સતપુરૂષોનો જ સંગ કરે છે. અને સતસંગદ્વારા ધર્મનું સાચું સ્વરૂપ સમજેલો ગૃહસ્થી સંસારમાં રહેતો છતાં ઘર વહેવારના કામ કરતાં છતાં શાન્તિ અને સુખનો અનુભવ કરે છે. કારણકે તેનો વહેવાર શુદ્ધ બનેલ હોય છે. જ્યાંસુધી ગૃહસ્થીનો વહેવાર શુદ્ધ બન્યો ન હોય ન્યાય કે નીતીવાળો ન હોય ત્યાં સુધી તેનો પરમાર્થ પણ શુદ્ધ બની શકે નહીં.

સંત શીરોમણી પૂજ્યપાદ શ્રી રણછોડદાસજી બાપુ પોરબંદર અને સેટેરીયમમાં બીરાજતા હતા ત્યારે શ્રી મુખેથી બોલ્યા હતા કે, દરેક મનુષ્યોએ જો પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તો પહેલાં પોતાનો વહેવાર શુદ્ધ કરવો જોઇએ.

ગૃહસ્થો માટે આ વચનો કેવાં કલ્યાણકારક છે દયાળુ સંતપુરૂષો સંસારીઓના આત્મકલ્યાણ માટેનો ક્રમ બતાવે છે. તે પ્રમાણે ચાલવું જોઇએ. સંતપુરૂષના સંગથી જ પ્રભુભકિતનો સુગમ માર્ગ મળે છે. મહાપુરૂષોના સંગથી સંસારમાંથી જેમણે મનની મમતા ઓછી કરી છે સગા સબંધી કુટુંબી-જનોમાંથી મોહ ઓછો કરી ઉપર ટપકે સઘળો વહેવાર પણ કરે છે છતાં જેનું મન સંસારથી ઉદાસીન છે રૂદયમાં વૈરાગ્ય છે અને સંસારના કલ્પિત ક્ષણિક સુખ મેળવવા માટે જેનું મન દોડા દોડી કરતું બંધ થયું છે એવા પુરૂષોજ શાંન્તિ અને સુખના ભોક્તા બને છે. આ બધું સજ્જન પુરૂષોના અને સંત પુરૂષોના સતસંગથીજ બને છે. સતસંગથી તો મૂર્ખ માણસ પણ ચતુર બુધ્ધિશાળી અને સદાચારી બને છે આ બધો સતસંગનો પ્રભાવ છે.

**चन्दनं शींतलं लोके चन्दनादपि चन्द्रमा**
**चन्द्रा च्चन्दना च्चौव शीतला साधु संगतिः**

આ જગતમાં ચંદન એ શીતલતા આપનારૂં છે અને એનાથી વિશેષ શીતલતા આપનાર ચંદ્રમા છે અને આ બંન્નેથી પણ વધારે શીતલતા આપનાર શાન્તિ આપનાર સંત પુરૂષોનો સંગ છે(સતસંગ છે ગુણવાન પુરૂષોનો સંગ છે)

મહાત્મા તુલસીદાસજીએ પણ રામાયણમાં કહેલ છે કે-

**सत्संगति मुद मंगल मूला ।**
**सोइ फल सिद्धि सब साधन फूला ॥**

સંત પુરૂષોની સંગત મંગલ કરનારી છે. આત્મ ઉન્નત્તિ માટે સાધન તો ઘણાં છે પણ સત પુરૂષોનો સંગ સદા કરવો એ મુખ્ય સાધન છે. સંતનો મહિમાની બાબતમાં સંત કબીર સાહેબે પણ કહેલ છે-

**— સંત કેવા હોય છે —**

આશા તજી માયા તજે મોહ તજે અરૂ માન
હરખ શોક નિંદા તજે કહ હી સંત સુજાન
સુખ દેવે દુ:ખકો હરે, કરે પાપનો અંત
કહહિં કબીર વો કબ મીલે, સચ્ચા સ્નેહી સંત

સંત કબીર સાહેબ કહે છે કે, હું પણ આત્મસ્વરૂપને ઓળખી શકયો તે સંતપુરૂષોનો અને સતસંગનો જ પ્રતાપ છે. છતાં દુનિયા કહે છે કે, સતસંગથી તો કબીર બગડી ગયો.

કોઇ અજ્ઞાની મનુષ્યે કબીર સાહેબનું હૃદય ઓળખ્યા વિના તેની નીંદા કરી તેની જયારે કબીર સાહેબને ખબર મળી ત્યારે તેના જવાબમાં નીચે લખ્યું ભજન બોલ્યા છે.

હમ બીગડે હૈં તુમ મત બીગડો
તુમ બીગડો તો રામ દુહાઇ

પારસકી સંગમે લોહ બીગડીયા બીગડ બીગડ વો તો કંચન નીવડીયા
છાશકી સંગસે દુધ બીગડીયા બીગડ બીગડ વો તો ધૃત નીવડીયા
પાનીકી સંગમે પત્થર બીગડીયા બીગડ બીગડ વો તો નીલમ નીવડીયા
ચંદન સંગમે તરૂવર બીગડયા બીગડ બીગડ વો ચંદન–નીવડીયા
ગંગા કે સંગમે સરિતા બીગડી બીગડ બીગડ વો ગંગા નીવડીયા
સંત કે સંગમે કબીર બીગડીયા બીગડ બીગડ વો તો સંત નીવડીયા

હે સંસારના મનુષ્યો! તમે કહો છો કે, સંતોના સંગથી તો કબીર બગડી ગયો તો સંતોના સંગથી જેવો હું બગડી ગયો છું એવા તમે ન બગડશો! તમે જો બગડો તો તમને ભગવાન શ્રી રામની દુહાઈ છે. (સોગન) છે. કારણ કે, હું બગડયો એવી રીતે બગડવા માટે તમે હજુ લાયક બન્યા નથી. મહાત્મા તુલસીદાસ કહે છે કે,

તુલસી પીછલે પાપસેં હરિ ચર્ચા ન સોહાય
જૈસે જવરકે જોરસેં ભોજનકી રૂચી જાય

આગલા ભવના પાપ કર્મને લઇને ભગવાનનો મહિમા સમજાય નહીં અને ભગવાનના ગુણગાનની ચર્ચા કરવી પણ ગમે નહીં જેવી રીતે કોઇ મનુષ્યને બહુજ તાવ આવતો હોય

તે વખતે ભોજન લેવાની ઇચ્છા ન થાય તેમ પાપરુપી જીર્ણતાવ આવવાથી ભગવાનનાં ગુણગાન કથા કીર્તન રૂપી હીતકારક દવા કરવાનું મન ન થાય. અને જન્મ મરણનો રોગ મટે નહીં.

સાચા સંતોનો અને ગુણીજન પુરૂષોનો સંગ થવો એ તો અતી દુર્લભ છે. આ બાબતમાં સંત સુંદરદાસજી એ સંત સમાગમની મહતા કાવ્ય દ્વારા બતાવી છે.

તાત મિલે પુની માત મિલે સુત ભ્રાત મિલે યુવતી સુખદાઇ
રાજ મિલે ગજરાજ મિલે સબસાજ મિલે મનવાંછીત પાઇ
ઇહલોક મિલે પરલોક મિલે વિધિલોક મિલે વૈકુંઠકો જાઇ
સુંદર ઔર મીલે સબહી સુખ સન્ત સમાગમ દુર્લભ ભાઇ.

ઉપર લખ્યા પ્રમાણે સગા સબંધી મળે રાજ્ય પણ મળે રાજ્યના વૈભવો મળે આ લોક અને પરલોકની સાહેબી મળશે આવી રીતે અનેક પ્રકારનાં સુખો મળશે પણ સાચા સંત પુરૂષોનો સમાગમ થવો એ દુર્લભ છે. સતસંગ વગર સંસાર પ્રત્યેનો મોહ કદી પણ ઓછો થવાનો નથી અને મોહ ગયા વિના શાન્તિ કે સુખ મળવાનું નથી. રામાયણમાં પણ કહ્યું છે.

બિનુ સત્સંગ ન હરિ કથા તેહિ બિન મોહ ન જાય
મોહ ગયે બિનુ રામ પદ હોઇ ન દ્રઢ અનુરાગ
કોટિ જન્મ કે પુણ્ય જબ ઉદય હોત એક રંગ
છુટે મનકી મલિનતા અરૂ ભાવે સતસંત.

**क्षण मपि सज्जन संगति रेका भवति भवार्णव तरणे नौका**

અર્થ:- ક્ષણવાર પણ સજ્જન પુરૂષોનો સંત પુરૂષોનો

સંગ કરવામાં આવે સતસંગ કરવામાં આવે તે સંગ ભવ-સાગર તરવામાં વહાણરૂપ બને છે આ બાબતમાં જ્ઞાનગીતામાં પણ સતસંગની મહતા બતાવી છે.

सत्संगेन परंप्राप्य दुस्तरं तरतेऽ चिरात् ।
तस्माद्दति प्रयत्नेन सत्संगं सततं कुरु ॥

અર્થઃ- સતસંગથીજ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. સતસંગ વીના આ ભવસાગર તરવો કઠણ છે છતાં સતસંગના પ્રભાવથી સહેલાઇથી તરી શકાય છે માટે શુભ પ્રયત્ન કરીને નિરંતર સતસંગ કરવાનો છે. આવી રીતે સત્ શાસ્ત્રો તો પોકારી પોકારીને કહે છે કે કલ્યાણ ઇચ્છનારાઓએ તો મહાન વિરક્ત પુરૂષોનોજ સંગ કરવો પણ અભાગીયા જીવોને એ ન સમજાતાં કુસંગમાં પડી અને મનુષ્ય જેવા ઉત્તમ દેહની બરબાદી કરે છે.

વનમાં ચંદન ઉગીયો તબ હસત લગી વનરાય
સબ વૃક્ષ ચંદન ભયે સબકું સુગંધી દીલાય.

વનમાં એકજ ચંદનનું ઝાડ ઉગ્યું હોય તો આસપાસના બીજાં ઝાડોમાં પણ એ ચંદનના ઝાડની સુગંધી બેસી જાય છે અને એ પણ ચંદનના ભાવે વહેંચાય છે તેવી રીતે કોઇપણ જાતીમાં સમાજમાં કે દેશમાં એકાદ મહાન ગુણવાન પરોપકારી શેવાભાવી ભગવાનનો સાચો ભક્ત પાકે છે તો તે જ્ઞાતિ સમાજ અને દેશનું હિત કરે છે દરેકને ઉપયોગી બને છે.

આવા પરોપકારી વિરકત પુરૂષો અમારે ત્યાં સદા નિવાસ કરે, અને અમો એમના તરફ ભકિતભાવ રાખીએ અને એમનું સનમાન કરીએ એવી ભાવનાવાળું ભજન નીચે લખ્યું છે.

## ભજન

હરનિશ હમારે આંગણે, સત સંતના સનમાન હો
હો કથા કીર્તન પ્રભુભકિત ભર્યા ગુણગાન હો....હરનિશ.

અજ્ઞાન ઉરથી દૂર હો, ઘર ઘર ગીતાના ગાન હો
પ્યારા પ્રભુ એ રામમાં મસ્તાન હમારી જીંદગી હો . હરનિશ.

ધૈર્યતાને નિડરતાને, સદ્દગુણોનો વાસ હો
પર ઉપકારી કાર્યોમાં નિશ દિન હમારૂં ધ્યાન હો....હરનિશ.

દુર્ગુણ હમારા દેખવાની, શુભ ભાવના ભરપુર હો
માતા પિતા ગુરુજન તણી સેવા તણી નિત પ્રિત હો...હરનિશ.

સ્વધર્મ પંથે ચાલવામાં, દિલ સદા પ્રફુલીત હો
પુનિત ગંગાની સમી રસમય અમારી જીંદગી હો....હરનિશ.

ગુણીજન તણા સતસંગની, મન કામના ભરપુર હો
માલદેવ શ્રી રામ રટતાં, આ જીંદગીનો અંત હો...હરનિશ.

ભગવાન પાસે પ્રાર્થના છે કે, હે પ્રભુ! અમોને સદાય સત પુરૂષોનો સંગ આપ એવી માંગણી છે.

## * ભજન *

સંતોનો સંગ આપ, પ્રભુ મને સંતોનો સંગ આપ
કુબુદ્ધિ કાપે સુબુદ્ધિ, આપે ટાળે સકળ પરિતાપ–પ્રભુ મને

કથા અમૃતરસ પાન કરૂંને, નિશદિન જપું પ્રભુ જાપ
દિન દયાળુ આપ સંગ એવો, શાન્તિ પામું અમાપ-પ્રભુ મને

તનમન માંહે વ્યાપે શીતળતા, બળે પુરવના પાપ...પ્રભુ
અરજ અમારી ઉરમાં લેજો, દિન દયાળુ આપ–પ્રભુ મને

આંહી સંતોનો સંગ સદાય મળે એવી પ્રાર્થના છે. પણ સાચા સંતોને ઓળખવા કેવી રીતે! સતશાસ્ત્રોમાં સંતના સ્વભાવ બતાવેલા છે. શાસ્ત્રોમાં બતાવ્યા પ્રમાણે ઉંચ સદ્‌ગુણો ઉત્તમ સ્વભાવ જેનામાં હોય તેને સંત જાણવા. જેનામાં એવા મહાન સદ્‌ગુણો હોય તે પછી ભલે ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, ઉંચ હોય કે નીચ હોય, ગરીબ હોય કે તવંગર હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, ગમે તે હોય, પણ જેનામાં સંતના લક્ષણ જોવામાં આવે, ઉત્તમ સદ્‌ગુણો જોવામાં આવે, તેજ સાચા સંત છે.

ભગવાં કપડાં પહેરી લીધાં, પંચકેશ રાખી લીધા અથવા શરીરે ભભુતી ચોળી લીધી અને ત્યાગીના જેવો માત્ર બહારનો જ આડંબર હોય પણ ત્યાગીના કે સંતના શાસ્ત્રોએ બતાવેલા સદ્‌ગુણો પ્રાપ્ત ન કર્યા હોય તો માત્ર બહારના ત્યાગીના વેષથી ત્યાગી બની શકાતું નથી. તેમજ માત્ર એવા વેષ પહેરવાથી જ પરમપદની પ્રાપ્તિ થઇ શકતી નથી પણ ત્યાગના બહારના ચિહ્નો ધારણ કર્યા હોય તેની સાથે તેમનામાં ઉત્તમ સદ્‌ગુણો હોય, હૃદય નિર્મળ હોય તો એવા વિરક્ત પુરૂષો જ જગતનું હિત કરી શકે છે. સંતો અને ભકતો સ્વભાવથી જ ઓળખાય છે.

**शान्ता महान्तो निवसन्ति सन्तो**
**वसंत वल्लोक हितं चरन्तः**
**तीर्णाः स्वयं भीम भवार्ण वजना**
**नहेतुनाऽ न्यानपि तारयन्तः**

અર્થ:- આ ભયંકર સંસાર સાગરથી પોતે તરેલા છે અને બીજાને કોઇપણ પ્રકારના સ્વાર્થ વગર તારનારા છે, શાન્ત સ્વરૂપ છે, ઉદાર દિલવાળા છે. અને લોકોનું હિત કરનારા છે.

આવા વિરકત સંતો આ સંસારમાં જેમ વસંત ઋતુ રળિયામણી અને શોભાયમાન બની સહુને પ્રિય લાગે તેવી બને છે. તેવી રીતે આવા સંતો પણ વસંત ઋતુના જેમ શોભે છે. અને પ્રિય લાગે છે.

**सदयं हृदयं यस्य भाषितं सत्य भूषितम् ।**
**कायं परहिते यस्य कलिः तस्य करोति किम् ॥**

અર્થ:- જેના હૃદયમાં પ્રાણીમાત્ર ઉપર દયા છે અને પ્રેમભાવ છે જેની વાણી સત્યથી સુશોભિત છે, જેનું શરીર પરોપકાર માટે સમર્પણ થયેલું છે, એવા વિરકત સંતને કળીકાળ પણ શું કરી શકવાનો હતો? આવા સંતોને તો સદા સતયુગ જ છે.

દક્ષિણા લઈને કંઠી બાંધી ગુરુ બનનારા શરીરે વિભુતિ ચોળી મહાન ત્યાગીનો આડંબર સેવનારા ભગવાં વસ્ત્ર પહેરીને મહાન વૈરાગીની ગણનામાં ગણાવાની અભિલાષા સેવનારા ત્યાગીના લીબાસમાં ફરનારા તો ઘણા હોય છે પણ.

**विरला जानंति गुणान् विरलाः कुर्वन्ति निर्धने स्नेहम्**
**विरलाः परोपकार्य रताः परदुःखे नापि दुःखिता विरलाः**

આ પ્રમાણે બીજાઓનાં દુ:ખ જોઇ પોતે દુ:ખી થનારા અને દુઃખને દૂર કરવા પોતાથી બનતું કરે એવા પરમાર્થી દયાલુ ત્યાગીઓ તો વિરલા છે. એવા ત્યાગીઓને અમારા કોટી વંદન હો.

જ્ઞાની યોગી બહુ મળે પંડિત ભકત અનેક
પણ રામ રતા ઇન્દ્રિય જીતા લાખોમાંથી એક

આપા તજી હરિ ભજે, હરિ ભજી તજે વિકાર
એસા સંત તો કોઇક હે દૂજા વેષ અપાર

यथा चितं तथा वाचो यथा वाचस्तथा क्रिया
चि-ते वाचि कियायां साधुनां मेकरुपता ।

અર્થ:– જેવું હૃદયમાં છે તેવું વાણીમાં છે અને જે વાણીમાં છે તેજ વર્તનમાં છે સંતના હૃદયમાં જુદું વાણીમાં જુદું અને વર્તનમાં વળી જુદું એવું હોતું નથી.

धर्में तत्परता मुखे मधुरता दाने समुत्सा हिता ।
मित्रेऽवंचकता गुरौ विनयता चि-तेति गंमीरता ॥

અર્થ:– ધર્મને પંથે ચાલવામાં તત્પર વાણીમાં મધુરતા દાન દેવામાં ઉત્સાહ નિષ્કપટતા, ચિત્ત વિષે ગંભીરતા, આચર વિષે પવિત્રતા, ગુણમાં રસિકતા, શાસ્ત્ર જ્ઞાનરૂપ વિષે સુંદરતા, અને પ્રભુભક્તિ આ મહાન ગુણ સંત પુરૂષોમાંજ જોવામાં આવે.

આવા વિરકત દયાળુ પરોપકારી સંતોના સંગમાં રહેવાથી એમના તરફથી જે આત્મશ્રેયનો ઉપદેશ મળે છે ત્યારેજ ભગવાનનો મહિમા સમજાય છે અને ત્યારેજ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને ભગવાનમાં પ્રીતિ જાગે છે અને ત્યારે પ્રભુભકિતનો સાચો રંગ ચડે છે. અને ત્યારેજ કલ્યાણ સાધી શકાય છે. કોઇ સંતે કહેલ છે કે:—

उदारस्य तृणं वित्तं सूरस्य मरणं तृणं ।
बिरक्तस्य तृणं भार्या निःस्पृहस्य तृणं जगत् ॥

અર્થ:– ઉદાર દાતા પુરૂષોને પૈસો (ધન) એ તો એક

ખડના તણખલા સમાન છે. કંજુસ મનુષ્યો જ પૈસાના ગુલામ બનીને રહે છે. જ્યારે દાતાર પુરૂષો તો એમ માને છે કે, લક્ષ્મીનો સંગ્રહ કરી રાખવા કરતાં પોતાને માટે પોતાના કુટુંબીઓના અને સમાજના સુખ અને સગવડતા માટે વાપર્યા કરવી જ જોઇએ. જેવી રીતે વહેતું પાણી નિર્મળ રહે છે તેમ લક્ષ્મિનો પણ સદ્ ઉપયોગ કર્યા કરવાથી એ લક્ષ્મિ શુદ્ધ બને છે. શૂરવીર પુરૂષોને ધર્મને ખાતર સમાજ કે દેશના હિત ખાતર કર્તવ્યને ખાતર, ધર્મયુદ્ધમાં સામે પગલે યુદ્ધ કરી મરી ફીટવું એ સઘળું એને રમતના જેવું લાગે છે. એ સમજે કે આપણા ધર્મનું રક્ષણ થાય તોજ જીવવું એ ઠીક છે. સ્વમાન અને ધર્મને ગુમાવીને જીવવું એ કરતાં મરી ફીટવું એ ઉત્તમ છે. એવી રીતે મરી ફીટવામાં આનંદ માને છે. એટલે મરવું એતો શુરવીરો ખડના તણખલા સમાન એ સમજે છે.

ત્યાગી પુરૂષો જેમણે પોતાના મન અને ઇન્દ્રિઓને વશ કરેલ છે. એવા સંયમી અને ચારિત્રવાન પુરૂષોને તો અતિ રૂપવંતી સ્રી મળે તો પણ એ ત્યાગી પુરૂષની દૃષ્ટિએ તો એ સ્ત્રી એક ખડના તણખલા સમાન છે. અને જે જે મહાન પુરૂષો નિઃસ્પૃહ બનેલા છે. સંસારના વૈભવોમાંથી આસકિત દુર થઇ છે અને સંસારના કોઇપણ મોહક પદાર્થમાં મમત્વ નથી એવા નિઃસ્પૃહ મહાપુરૂષોની દૃષ્ટિમાં આ જગત અને જગતના મોહક પદાર્થો એક ખડના તણખલા સમાન છે. આવી રીતે દાતા શૂરા જ્ઞાની ભકતો અને સંતોને સંસારના મોહક પદાર્થો લોભાવી શકતા નથી. અને ધર્મને પંથેથી કે કર્તવ્યને પંથેથી કદિપણ તે ચલિત કરાવી શકતા નથી.

એટલા માટે કોઈ સંતે નીચેનો દોહરો લખેલો છે.

જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં શૂર
નહિંતર રહેજે વાંઝણી મત ગુમાવીશ નુર

હે માતા ! તું એવા ગુણવાળા બાલકનો જન્મ આપજે કે એ બાલક દાતા શૂરવીર કે પ્રભુનો સાચો ભક્ત હોય. કારણ કે આવા મહાન ગુણવાળાઓજ પોતાના અને સમાજના હિત માટે સર્વસ્વનો ભોગ આપવા સદા તૈયાર રહેશે. બિચારા પામર કાયર અને આત્મબળ વીનાના અને સંસારના સુખમાં રચીપચી રહેનારા અને માત્ર પોતાનો જ સ્વાર્થ સાધવામાં કુશળ છે અને પોતાના હિત માટે બીજાઓનું અહિત કરનારા છે એવા પેટભરા પામર મનુષ્ય પોતાનું પણ શ્રેય કરી શકતા નથી તો બીજાઓનું શ્રેય શું કરી શકવાના હતા! તો હે માતા! આવા સ્વાર્થી કંજુસ કાયર અને દુષ્ટ સ્વભાવવાળા બાળકનો જન્મ આપ તે કરતાં તો તું વાંઝણી રહેજે. આવા દુર્ગુણી મનુષ્યો તો પૃથ્વી ઉપર ભારરૂપ છે.

મનુષ્યોમાં રહેલા દુર્ગુણો મનુષ્યોને મનુષ્યના આકારમાં પશુ જેવા બનાવી દીએ છે માટે આત્મ કલ્યાણ ઇચ્છનારે હમેશાં પોતાની રહેણી કરણી તપાસવાની જરૂર છે પોતાનામાં રહેલા દુર્ગુણો તપાસી દૂર કરી અને સદ્‌ગુણો પ્રાપ્ત કરવા શુભ પુરૂષાર્થ કરવાનો છે. જયારે આપણામાં પ્રાણીમાત્ર પર દયા અને પ્રેમ પ્રગટશે પ્રાણીમાત્ર એ પરમાત્માનુંજ સ્વરૂપ છે એમ જયારે સમજાશે અને સમભાવ આવશે ત્યારેજ ભગવાનની પ્રીતીને પાત્ર બનશું.

સ્વામીજી શ્રી. માધવાતીર્થ કહે છે કે—

જયાંસુધી મન શુદ્ધ થયું નથી વિશુદ્ધ પ્રેમ થયો નથી બુદ્ધિ

નિર્મળ અને તેજસ્વી થઇ નથી અને મનોબળ દ્રઢ થયું નથી ત્યાંસુધી જીવ ભગવાન સાથે એકરૂપ થવા લાયક ગણાય નહિ. કારણકે પરમાત્મા પોતે શુદ્ધ છે તેજસ્વી છે જ્ઞાનસ્વરૂપ અને પ્રેમસ્વરૂપ છે આનંદસ્વરૂપ છે તો તેવા મહાન ગુણો જીવમાં જ્યાંસુધી ન આવી શકે ત્યાંસુધી તે જીવ મટી શિવરૂપ બની શકતા નથી. આજે જ્યાં જુઓ ત્યાં માત્ર વેદાન્તની વાતો કરનારા ઘણા જોવામાં આવશે.

કેટલાક ત્યાગી થયા પછી દુનિયામાં માન અને મોટાઇ મેળવવાની અને દુનિયામાં પૂજાવાની ઇચ્છા કર્યા કરે છે પણ એવી માન અને મોટાઇ મેળવવાની ઇચ્છા કરનારાઓથી ભગવાન દૂર દૂર રહે છે ભગવાનને તો માત્ર દિલની નિર્મળતા અને સાચો પ્રેમ જોઇએ છે. જ્ઞાનની માત્ર મોટી મોટી વાતો કરવાથી ભગવાન રીઝે તેમ નથી. કેટલીક વખત વિદ્વાનો અને પંડિતો કરતાં પણ અભણ અને સરળ હૃદયના માણસોમાં નમ્રતા સેવાભાવ અને સરળતા વધારે જોવામાં આવે છે.

કેટલાક અભણ માણસો વિદ્વાનોના જેમ શાસ્ત્રની વાતો બહુ જાણતા નથી પણ એમનાં હૃદય નિર્મળ પ્રેમથી ઉભરાતાં હોય છે. ત્યારે કેટકાક સાધુઓ ખોટા જ્ઞાનના અભિમાનમાં ડુબ્યા હોય છે. અને તેથી કરીને ઉત્તમ સદ્‌ગુણોથી અને હૃદયની ઉદારતાથી દૂર રહે છે. શિષ્ય થવું સારૂં છે પણ ગુરુ બનવું સારૂં નથી. બહુ ડાહ્યા ગણાવાથી અને બહુ જ્ઞાની ગણાવા કરતાં અજ્ઞાનીમાં ગણાવું સારૂ છે. કેટલીકવાર ત્યાગ અને શુષ્ક જ્ઞાનિનું પણ જો અભિમાન આવી જાય તો તેથી પતન થાય છે. માટે જ્ઞાનને જેમણે પોતાના જીવનમાં ઉતાર્યું છે, પચાવ્યું છે, એવા શ્રોતિય અને બ્રહ્મનિષ્ઠ મહાપુરૂષો જ ગુરુ થવા લાયક ગણાય છે. અને આવા

પરોપકારી સંત પુરૂષોને શરણે જવાથી એનો સંગ કરવાથી એમનો ઉપદેશ ગ્રહણ કરવાથી શ્રેય થઇ શકે છે સતશાસ્ત્રો અને સંત પુરૂષો તો માર્ગદર્શક છે. એતો માત્ર માર્ગ બતાવશે કે હે સંસારીઓ! આ બે માર્ગ છે. એક અધોગતિનો છે. અને આ બીજો માર્ગ ઉન્નતિનો છે. એમ બતાવશે પણ એ ઉન્નતિને મારગે આપણને જ ચાલવું જોશે. આપણા શુભ અને પ્રબળ પુરુષાર્થથીજ આપણે આપણું કલ્યાણ સાધી શકીશું. માટે સંતપુરૂષે બતાવેલા ધર્મ પંથે ચાલી અને જીવન સફળ કરી લેવાનું છે.

**यथा चन्द्रं बिना रात्रिः कमलेन सरोवरम् ।**
**तथा न शोभते जीवो विना धर्मेण सर्वथा ॥**

અર્થ:- જેવી રીતે રાત્રી ચંદ્રમા વિના શોભતી નથી અને કમલ વિના સરોવર શોભતું નથી તેવી રીતે ધર્મ વિનાનો મનુષ્ય પણ શોભતો નથી. ધર્મના પાલન વિના મનુષ્યને કદિપણ સાચી શાન્તિ અને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. મનુષ્ય ભલે અબજોપતિ બને અને અપાર સુખના અને વૈભવ ભોગવવાનાં સાધનો મેળવે છતાં એ લક્ષ્મી અને એ વૈભવો શાન્તિદાતા બની શકતાં નથી. આપણે કરોડાધિપતિ કે અબજોપતિને પુછીએ કે તમોને કેવી શાન્તિ છે! તો તેઓ શું જવાબ આપે છે.? તે એમજ કહેશે કે લક્ષ્મી તો સંપાદન ખુબ કરી પણ સાચી શાન્તિ નથી. ખરી રીતે તો સાચી શાન્તિ તો સાચી સમજણમાં છે. સંતોષમાં છે. જીવનની જરૂરીયાતો ઓછી કરવામાં અને સાદું જીવન જીવવામાંજ ખરી શાન્તિ મળવાની છે. પ્રભુ પરાયણ જીવન ગાળવાથી અને પ્રભુના સાચા દિલથી

શરણાગતી સ્વીકારવામાં શાન્તિ છે. પરમાત્માના શરણ વિના જીવને સાચી શાન્તિ કદિ પણ મળવાનીજ નથી.

સંસારના પ્રાણી પદાર્થોમાંથી મમતા ઓછી થાય સંસારના ભોગ્ય પદાર્થોમાં દોષ દર્શન થાય અને સંસારની અસારતા સમજાય અને ભગવાનનો મહિમા સમજાય ત્યારેજ ભગવાનમાં સાચો પ્રેમ પ્રગટે છે. રૂદય નિર્મળ બનવાથી જ આ બધી સત્ય વસ્તુ સમજાય છે. જેમ મેલા અરિસામાં મોઢું દેખાય નહિ તેવી રીતે રૂદય રૂપી અરિસા ઉપર અનેક પ્રકારના દુર્ગુણો રૂપી કચરો પડયો હોય ત્યાંસુધી આત્મસ્વરૂપની ઝાંખી થાય નહિ. મેલાં કપડાં ઉપર ગુલાબી કે કેશરીયો રંગ ચડાવવો હોય તો એ મેલા કપડાંને પહેલાં સાબુથી કે સોડાથી સ્વચ્છ કરવા જોઇએ એ મેલ દૂર કરવો જોઇએ એવી રીતે રૂદયરૂપી કપડા ઉપર પણ જો જ્ઞાન અને ભક્તિનો ઉજવળ રંગ ચડાવવો હોય તો રૂદયમાં રહેલો દુર્ગુણો રૂપી મેલ સતસંગ રૂપી સાબુથી અને સત્કાર્યો રૂપી સોડાથી કાઢવોજ પડશે અને ત્યારેજ પ્રભુ ભક્તિનો સુંદર રંગ ચડશે.

પ્રભુ ભકિતને પંથે ચાલવું એતો શૂરવીરનું કામ છે કાયરનું કામ નથી સંસારમાં રચી પચી રહેલાનું કામ નથી.

દો દો સમશેર બાંધકે સબી કહાવત શૂર
કામ પડે જબ દેખીયે કીનકે મુખપે નૂર

કોઇ મનુષ્ય બ બે તલવારો બાંધે, ખભે બંદુક રાખે, કમરમાં કટાર રાખે, હાથમાં ભાલો રાખે, આવી રીતે લડાઇ-માં ઉપયોગી થાય તેવાં સાધનો તો ઘણાં રાખે પણ એ માત્ર સાધનો રાખવાથીજ એ શૂરવીર છે એમ કહી શકાય નહિ.

પણ એ લડાઈમાં ઉપયોગી થાય એવાં સાધનોનો યુદ્ધ મેદાનમાં બહાદુરીપૂર્વક એનો કેટલો સદઉપયોગ કરી શકે છે. બહાદુરી સાથે સામે પગલે ચાલી અને "**कार्य साधीयामी वा देह पातयामी**" કાંતો યુદ્ધમાં મરીશ, અને કાંતો જીત મેળવીશ. પણ રણમેદાનમાંથી કાયર બનીને ભાગીશ નહીં. આવો સંકલ્પ કરીને શત્રુઓનો વીરતાપૂર્વક કેટલો સામનો કરે છે અને એના મુખાવિંદ ઉપર નિડરતાનું અને ધીરજનું તેજ કેટલું છે એ ઉપરથી એ શૂરવીર છે કે કાયર છે એ નક્કી થઇ શકે છે.

માત્ર હથિયારો રાખવાથી જ શૂરવીરની ગણનામાં આવી શકે નહીં. એવી રીતે કોઇ એમ વાતો કરે કે હું તો ભગવાનનો ભક્ત છું, એમ માની ગળામાં માળા રાખે, તિલક કરે, ઉપવાસ કરે, ગીતાજીના નિત્યપાઠ કરે, રામાયણની ચોપાઇઓ વાંચે, આવી રીતે આત્મ ઉન્નતિ માટે અને પરમપદ્ની પ્રાપ્તિ માટે અનેક ધર્મશાસ્ત્રો ખૂબ વાંચે, કંઠસ્થ કરે અને બહારની ધાર્મિક ક્રિયાઓ પણ કરે તો એ બધાંતો પ્રભુભકિતના અને પ્રભુને રીઝવવાનાં સાધનો છે. અને એ સાધનો દ્વારાજ ભગવાનની પ્રાપ્તિ કરી લેવાની છે છતાં એ સાધનો દ્વારા જો આપણે ભગવાનની પ્રિતી મેળવી શકયા નહીં, પરમપદની પ્રાપ્તિ કરી શકયા નહીં. તો જાણી લેવું જોઇએ કે, એ સાધનોનો વિશુદ્ધ ભાવથી અને શ્રદ્ધાપૂર્વક તેનો જેવો ઉપયોગ કરવો જોઇએ તેવો કરી શકયા નહીં એમ સમજવું જોઇએ.

સાધનો વિશેષ રાખવાથી જ લાભ મળી શકે નહીં પણ સાધનોનો સદ્ઉપયોગ કરવો જોઇએ. આ સાધનો દ્વારા સાધ્ય એવા ભગવાનની પ્રાપ્તિ કરી લેવાની છે. કહેલ છે કે:–

મન મંદિરમાં ક્યારે વસે ભગવાન
કામ, ક્રોધ, મદ, મોહ તજીને ગાવે પ્રભુ ગુણગાન
ચિત્ત લગાવે રામ ચરણમાં, રામ સ્મરણ ગુલતાન
હૃદયમાં ત્યારે વસે ભગવાન.
સત્ય પંથ કદી નવ ચુકે, દીયે દીનને દાન
તન મન ધનથી સેવા કરે પણ, રાખે નહીં અભિમાન
હૃદયમાં ત્યારે વસે ભગવાન.
માલદેવ ભગતઃ છોડ જગતની, ગાને રામ ગુણગાન
અંતરાત્મા પડકારે તુજને, તું બે દીનનો મેમાન
પ્રેમે ભજીલેને ભગવાન.

આ રસ્તે ચાલનારને પ્રથમ મન અને ઇન્દ્રિઓ વશ કરવાની છે, મનના વિકારોને મારવાના છે. સંસારના બંધનકારક વૈભવો પણ ભોગવવાં છે અને પ્રભુની ભકિત પણ કરવી છે. એ બેઇ નહીં બને. પ્રભુને ભકિતને પંથે ચાલવા તૈયાર થયેલી મીરાંબાઇએ રાજ્યના વૈભવો અને સુખોનો ત્યાગ કર્યો. સગાં સંબંધી અને કુટુંબીજનો તરફનો મોહ જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા દૂર કર્યો. ચિત્તવૃત્તિનો નિરોધ કરી વૃત્તિને પ્રભુમાં જોડી. આ પ્રમાણે પ્રભુભકિતને પંથે ચાલવામાં મીરાંબાઇએ મહા-રાણાના અનેક જુલ્મો પણ હસતે મોઢે સહન કર્યા. પ્રભુભકિતમાં રંગાયેલી મીરાંબાઇને મારી નાખવા માટેના પણ મહારાણાએ અનેક પ્રયાસ કર્યા પણ જેને એક ભગવાનમાંજ પ્રેમની લગની લાગીગયેલી છે અને પ્રભુભકિતમાં પાગલ બની છે એને મહારાણો શું મારી શકવાનો હતો! જેમણે સાચા દિલથી ભગવાનની શરણાગતી સ્વીકારી છે તેને જગતમાં કોણ મારી શકે! સંતપુરૂષો કહે છે કેઃ—

જા મરનેમેં જગ ડરે મેરે મન આનંદ
કબ મરૂં કબ ભેટઉં પુરણ પરમાનંદ

સંસારના મનુષ્યો મરવાથી ડરે છે. અને ફિકર કરે છે હાય! હું મરી જઇશ, હાય મરી જઇશ! કોઇપણ પ્રકારે જીવવા માટે પ્રયત્ન કરે છે. જ્યારે પ્રભુના પ્યારા સંતો ભકતો તો હસતે મોઢે મૃત્યુને વધાવી લેવા માટે સદા તૈયારજ રહે છે. અને એને મરવામાં પણ આનંદ આવે છે. સાચા સંતોને તો જીવવું અને મરવું બન્ને સરખાં છે. કોઇ ભકતે ભજનમાં પણ કહેલ છે.

"નહીં રે જીવન કેરી આશ, નહીં કંઇ મરનેકા ધોખા"

આ પ્રમાણે મીરાંબાઇને જીવવાનો મોહ ન હતો. મરવામાં ખેદ ન હતો. એતો પ્રભુભકિતમાં તલ્લીન બનેલાં હતાં. અભિમાનમાં અંધ બનેલો રાણો મીરાંબાઇનું હૃદય કયાંથી ઓળખી શકે? એતો એમજ માનતો હતો કે ઉદેપુરની મહારાણી રજપુતાણી સાધુડાઓની સંગતે રહીને નાચે કુદે! અરે! એને એના કુળનું પણ ભાન નથી! અરે હું કોની પત્ની છું એનું પણ એને ભાન નથી! સૂર્યવંશી શિશોદીઆ વંશને લાંછન લાગે એવું વર્તન કરી રહી છે! અમારા ઉંચ કુળને કલંક લગાડી રહી છે! હવે તો એના જીવનનો જલ્દી કોઇપણ ઉપાયે અંત આણવો જોઇએ. એ ભાન ભુલેલા રાણાને કયાં ખબર છે કે જેની રક્ષા કરનાર ત્રીલોકનો નાથ છે. તેને કોણ મારી શકનાર છે.

મીરાંબાઇને તો એ બાબતની લેશમાત્ર ફિકર નથી એનું ચિત્ત તો ભગવાન શ્રીકૃષ્ણમાંજ ચોટેલું છે, એનુંજ ધ્યાન છે, એકજ લગની છે. સુની મેને હરિ આ વનકી અવાજ.

## ભજન

ક્યારે દર્શન દેંજો આય, તુમ બીન રહ્યો નવ જાય
જળ બીન કમળ ચંદ્રબીન રજની, એસો તુમ દેખ્યા બીન સજની
આકુળ વ્યાકુળ ફરૂં રેન દિન, વિરહ કલેજો ખાય...પ્યારે
દિવસ ન ભૂખ નિંદ નહીં નૈના, મુખસું કથત ન આવે બૈના
કહા કછુ કહત ન આવે, મીલકર તપત બુંઝાય....પ્યારે
ક્યું તલસાવો અંતર્યામી, આય મીલો કીરપા કરો સ્વામી
મીરાં દાસી જનમ જનમકી પડી તુમારે પાય....પ્યારે

મીરાબાઇ કહે છે કે હે પ્રભુ! હવે મને બહુ ના તલસાવો! મને જલ્દી દર્શન આપો હે પ્રભુ! તમારા દર્શન વિના હવે રહેવાય તેમ નથી હે નાથ! કમળ જળ વિના રાત્રી ચંદ્ર વીના નીસ્તેજ લાગે છે તેવી રીતે તમારા દર્શન કર્યા વિના મારૂં મન હવે આકુળ વ્યાકુળ બને છે હે કૃપાલુ! તમે તો અંતરયામી છો. મારી હાલત તમે જાણો છો, આપની જુદાઇ મને અતી દુઃખદાયક બની છે હે પ્યારા પ્રભુ! મારી સ્થિતિ તરફ હવે નજર કરો! દયા કરો! દિવસના ખાવું પીવું ગમતું નથી, રાત્રીના નિંદ્રા આવતી નથી, રાત્રી અને દિવસ તમારા જ સ્મરણમાં અને ધ્યાનમાં વ્યતિત થાય છે હે કૃપાનાથ! મારી સ્થિતિ તરફ કૃપા કરી જુઓ! કયા શબ્દમાં હું આપની પ્રાર્થના કરૂં, એ બાબતમાં મને કંઇ કહેતાં નથી આવડતું. માટે વિનવીને કહું છું કે, મને જલ્દી દર્શન આપી મારા તપેલા દિલને શાન્તિ આપો હે અંતરયામી! મને શા માટે તલસાવો છો! હે સ્વામી હવે તો હદ થઇ ગઇ છે પ્રભુ!

હવે જલ્દી મળો, જલ્દી દર્શન આપો. આ તમારી દાસી ચરણકમલમાં પડીને વિનવે છે કે હું તો આપની જનમોજનમની દાસી છું મનેશા માટે સંતાપો છો, મને દર્શન આપોને પ્રભુ!

પ્રભુનાં પ્યારાં ભક્ત મીરાંબાઇ આ નીચે લખ્યા ભજન દ્વારા પોતાના દિલના વીશેશ ઉદગારો કાઢે છે.

મારવાડી ભાષામાં ભજન છે.

મારે જનમ મરણ રા સાથી થાંને નહિં બીસરૂં દિનરાતી
થાં દેખ્યા બીન કલ ન પડત હે જાણત મોરી છાતી
ઉંચી ચઢ ચઢ પંથ નીહારૂં રોઇ રોઇ અખીયાં રાતી
યહ સંસાર સકલ જગ જુઠો જુઠા કુળ રા ન્યાતી
દોઉ કર જોડયાં અરજ કરૂં છું સુણ લીજ્યો મોરી બાતી
યે મન મેરો બડો હરામી જ્યું મદમાતો હાથી
સતગુરૂ હાથ ધર્યો શીર ઉપર અંકુશ દે સમઝાતી
પલ પલ પ્રભુકો રૂપ નિહારૂં નિરખ નિરખ સુખ પાતી
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર હરિ ચરણા ચિત્ત રાતી

આવી રીતે સંસારના સગા સબંધીઓમાંથી વૈરાગ્ય દ્વારા મન ઉપરામ પામે અને પ્રભુમાં વિશુદ્ધ પ્રેમ પ્રગટે તોજ પ્રભુ ભક્તિનો સાચો રંગ લાગ્યો છે એમ કહેવાય અને એ માટે લોકલાજ કે કુળની મર્યાદાની કે માન અપમાનની દરકાર ન કરે, તેજ ભકિતને પંથે આગળ વધી શકે.

લોક લાજ કુળ લાજ મદ તજી માનની આશ
પ્રભુ ભકિત નિશદિન કરે પામે પદ અવિનાશ

સંતપુરૂષના સંગથીજ સતશાસ્ત્રોનું શ્રવણ કરવામાં પ્રીતિ પ્રગટે છે. ત્યારબાદ સતશાસ્ત્રોનું શ્રવણ મનન અને નિદિધ્યાસન કરી અને મનને નિર્મળ બનાવવાનું છે.

સતશાસ્ત્રોના જ્ઞાનથી વિવેક વૈરાગ્યનો ઉદય થાય છે. સંસારના ક્ષણીક વૈભવોના સાધનોમાંથી મન ઉપરામ પામે છે અને જે પ્રેમ સંસારમાં ચોટેલ હોય તે પ્રેમ પ્રભુમાં લાગે છે અને પ્રભુનો મહિમા સમજાવાથી પ્રભુ સ્મરણ અને પ્રભુધ્યાનમાં લગની લાગે છે. આ બધો સતસંગનોજ પ્રભાવ છે. શાસ્ત્રો કહે છે. કે, સતશાસ્ત્રોના જ્ઞાન વિના ભક્તિને માર્ગે ચાલવામાં અનેક આવરણો આવશે માટે સતશાસ્ત્રોના જ્ઞાનને આધારે ભક્તિને પંથે ચાલવું સુગમ પડે છે.

મનુસ્મૃતિમાં લખેલું છે કે—

**वेदः स्मृतिः सदाचारः स्वस्यच प्रिय मात्मनः ।**
**एतच्चतुर्विधं प्राहुः साक्षाद्धर्मस्य लक्षणम् ॥**

આપણા ધર્મના શાસ્ત્રો અનુસાર મનુષ્યના જન્મથી તે મૃત્યુ સુધીના નાના મોટાં સઘળાં કર્મોનો સબંધ ધર્મનીજ સાથે છે અને શાસ્ત્રોમાં આ ધર્મને અનેક પ્રકારે માનેલ છે જેવી રીતે રાજધર્મ, જાતિધર્મ, કુળધર્મ, સંપ્રદાયનો ધર્મ, વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, સામાન્ય ધર્મ, આપદ ધર્મ એમ ધર્મના અનેક પ્રકારો બતાવ્યા છે એ બધા સમજવાની જરૂર છે. અને સમજીને પાળવાની જરૂર છે.

આપણે પ્રભાતે ઉઠીને પાંચ માળા ફેરવી કે દેવ મંદિરે દર્શન કરી આવ્યા એટલે આપણે આપણો ધર્મ પાળી લીધો

એમ સમજવાનું નથી ધર્મની એટલી ટુંકી વ્યાખ્યા કરવાની નથી. ધર્મનો અર્થ બહુ વિશાળ કરવાનો છે. ઉપર બતાવ્યા પ્રમાણે જે જે ધર્મનું પાલન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તે બધા ધર્મ પોતાનું કર્તવ્ય સમજીને ભાવપૂર્વક પાળવાના છે અને એનું પાલન કરીએ એનું નામ છે માનવધર્મ. જ્યાંસુધી માનવ ધર્મનું બરાબર રીતે પાલન કરી ન શકીએ ત્યાંસુધી આપણી પ્રભુ ભક્તિ અધુરી ગણાશે.

અગાઉ થઇ ગયેલા મહા પુરૂષોએ ધર્મનું સ્વરૂપ અને ધર્મની વ્યાખ્યા કરી છે.

सत्यं दया तपः शौचं तितिक्षा शमोदमः ।
अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवम् ॥
संतोषः समदक् सेवा ग्राम्ये हो परमः शनैः ।
नृणां विपर्यये हेक्षा मौन मात्म विमर्शनम् ॥

અર્થ;– સત્ય, દયા, તપ, શૌચ (બહારની અને હૃદયની પવિત્રતા) તિતિક્ષા (સહનશીલતા) સત અને અસત જાણવાનો વિચાર) શમ, દમ, (મન અને ઇન્દ્રિઓને વશ કરવી) અહિંસા (પ્રાણીમાત્રની હિંસા ન કરવી) બ્રહ્મચર્યનું પાલન કરવું. ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ, સંતોષ અને જે મહાપુરૂષોની સમદૃષ્ટિ છે એવા મહાપુરૂષોની સેવા કરવી વીગેરે આવી રીતે અનેક પ્રકાંરના ઉત્તમ ગુણો મેળવવાથી જ ધર્મનું પાલન થઇ શકે છે. આ સામાન્ય ધર્મ કહેવાય છે. આ શરીરનો એક વખત તો નાશ થવાનો જ છે. ત્યારે એ શરીર સાથે કંઇજ આવવાનું નથી. એ વખતે કેવળ એક ધર્મ જ મરણ પછી પણ સાથે આવે છે. સત્યને પંથે ચાલવું એનું નામ ધર્મ, સત્યને પંથે ચાલ્યા

વિના પ્રભુ ઉપર અને પ્રાણીમાત્ર ઉપર વિશુદ્ધ પ્રેમ પ્રગટવાનો નથી. સત્યને અમર બનાવવાને માટે નિઃસ્વાર્થ પ્રેમની ખાસ જરૂર છે. પ્રેમનો દિવડો પ્રગટાવવાથીજ અહિંસાનો મહાન ગુણ મળશે. અગાઉના અવતારી મહાપુરૂષો બુદ્ધ, મહાવીર, ઇશુ, મહાત્મા ગાંધી વીગેરે સત્યપ્રેમ, સત્યધર્મ; અને અહિંસાના મહાન સદ્ગુણો દ્વારાજ જગતમાં શાન્તિ સ્થાપવાનો પ્રબળ પુરૂષાર્થ કરી જગતમાં વંદનિય પૂજ્યનિય બન્યાં હતા.

સત્યધર્મનું ગુઢ રહસ્ય જે સમજી શકે છે તેજ તેને સાચા દિલથી અપનાવી શકે છે. આ દેહમાંજ જો જ્યોતિ સ્વરૂપ પરમ વિશુદ્ધ પરમાત્માના દર્શન કરવાની કોઇને અભિલાષા હોય તો તેમણે સત્ય પંથે ચાલી સત્ય વર્તન રાખી સાત્વિક તપ કરી અને સત્યજ્ઞાનને મેળવવાનું છે. અને એ જ્ઞાન મેળવીને તેને જીવનમાં ઉતારવાનું છે. (આચરણમાં મુકવાનું છે.) અને એમ કરવાથીજ આ દેહમાંજ આ હૃદય મંદિરમાંજ પરમાત્માની ઝાંખી થશે.

હૃદયની શુદ્ધિ વીના અને સત્યના આચરણ વીના માત્ર બહારથી કરેલી ધાર્મિક ક્રિયા કે બહારનો દંભ ભરેલા આડંબરથી કંઇ લાભ મળી શકે નહીં પણ શુભ આચરણોથી જ શ્રેય થઇ શકે. આતો વિશુદ્ધ પ્રેમનો પંથ છે અને એ પંથે ચાલવામાં સ્વાર્થ અને પાખંડનો સદંતર ત્યાગ કરવો જ પડશે તે વીના એ પ્રેમભક્તિને પંથે ચાલી શકાશે નહીં.

પરમેશ્વરસે પ્રીત કરનાં ઔર પરનારીસે હસનાં
તુલસી દોનું નાં બને લોટ ખાઓ ઔર ભસનાં

તુલસીદાસ મહાત્મા કહે છે કે, તમારે પરમેશ્વર સાથે પ્રીતિ પણ કરવી છે! અને સંસારમાં રહીનેઅન્યાય અનીતી ભરેલાં

અધમ કામ પણ કરવાં છે! એ બેઇ નહીં બને. કુતરો કોઇના ઘરમાં જઇને લોટ ખાય છે અને ઘરધણી એને કાઢવા આવે તો તેને ભસવું છે એને ડરાવવો છે તો ભસવા જશે તો મોઢામાંથી લોટ નીકળી જશે એથી લોટ પણ ખાવો છો અને ભસવું પણ છે એ બન્ને એક સાથે ન બને. તેવી રીતે સંસારના ક્ષણીક સુખમાં લલચાઇને પાપને પંથે પણ ચાલવું છે અને ભગવાનને રીઝવવાની ઇચ્છા પણ કરવી છે, એ બેઇ કયાંથી બનશે. !

ભકિત એવી કીજીએ જેવો ટંકણખાર
આપ જલે પર રીઝવે ભાંગ્યા સાંધે હાડ

પ્રભુના પ્યારા બનવું હોય તો, પ્રભુ રાજી થાય તેવાં ન્યાય નીતીનાં કામ કરવાં પડશે, અન્યાય અને અનીતીનો માર્ગ છોડવો જ પડશે. એક સાથે બેઇ નહીં બને.

જહાં રામ તહાં કામ નહીં, જહાં કામ તહાં નહીં રામ
તુલસી દોનું નવ રહે, રવિ રજની એક ઠામ

તુલસીદાસ મહાત્મા કહે છે કે જ્યાં સૂર્યનો ઉદય થયેલો હોય છે ત્યાં રાત્રી (અંધારૂં) રહી શકે જ નહીં. સૂર્યનો પ્રકાશ અને અંધારૂં એક જ ઠેકાણે રહી શકે જ નહીં તેવી રીતે સંસારના ભોગ્ય પદાર્થોની કામના (ઇચ્છા) પણ રાખવી છે, મમતા પણ રાખવી છે, અને ભગવાનને પણ ભજવા છે, એ બેઇ નહીં બને.

કચ્છમાં ગરીબદાસ નામના સંતના ઉદ્‌ગારો નીચે આપેલા છે. તે પણ એમ જ કહે છે કે, પ્રભુભકિતને માર્ગે તો જે શૂરવીર પુરૂષે મનના વિકારોને મારેલા છે તેજ નિર્ભય બનીને ચાલી શકે છે.

પરમ ધામમાં એ નર પહોંચ્યા મોહ મમતા જેણે મારી
ધામ ધરા સુત વીત દારાના, સંગ દોષ દીધા ટાળી
ભોગ્ય પદારથમાં એ નવ રીઝે, શ્રીરામ વીના આરામ નહીં
એ મારગ તો છે શૂરવીરનો કાયરનું ત્યાં કામ નહીં.

કામ ક્રોધ મદ મોહ લોભની, સનમુખ થઇ સંગ્રામ કરે,
ષડ રીપુ જ્ઞાન ખડગથી મારી, નિર્ભય થઇ જગમાં વીચરે,
રામ સ્વરૂપમાં રમણ કરે છે, જ્યાં પ્રપંચ લવલેશ નહીં,
એ મારગ તો છે શૂરવીરનો કાયરનું ત્યાં કામ નહીં.

અગમ દેશના એ અધિકારી, જ્યાં નહીં પોચે મન વાણી,
ગો ગોચરની ગમ નહીં ત્યાં, કોણ શકે જગમાં જાણી,
ગરીબ દાસ કહે દીવ્ય દેશમાં, શીત વાતકે ઉષ્ણ નહીં,
એ મારગ તો છે શૂરવીરનો કાયરનું ત્યાં કામ નહીં.

સંત ગરીબદાસ પણ એજ કહે છે કે, ભકિતને માર્ગે ચાલવું તે કાયર નરનું કામ નથી, એતો શૂરવીરનું કામ છે. ભકિતનું કે ધર્મનું સાચું સ્વરૂપ સતશાસ્ત્રોના શ્રવણથી અને સતપુરૂષોના સંગથી સમજાય છે.

ધર્મ એટલે જેનાથી વર્તમાન સંસારીક જીવનની સર્વ પ્રકારે ઉન્નતી થાય અને અવિચળ સુખની પ્રાપ્તિ થાય, વૃદ્ધિ થાય અને પરલોકમાં પણ શાન્તિ મળે અને પરમપદની પ્રાપ્તિ થાય એવું પવિત્ર જીવન ગાળવું. સદ્ આચરણોની સાથે પરમાત્માની શરણાગતી સ્વીકારવી એનું નામ ધર્મ. એનું નામ પ્રભુભક્તિ.

સંસારસાંથી મનને પાછું હટાવી ભગવાનમાં વિશુદ્ધ પ્રીતિ જગાવે, તે શ્રેય કહેવાય છે અને સંસારના અનેક પ્રકારના બંધનમાં નાખે છે. તે પ્રેય કહેવાય, માટે પ્રેયનો માર્ગ તજી, શ્રેયને માર્ગે ચાલમાંજ આપણું હિત સમાએલું છે.

આપણે શ્રીરામને ભગવાન ગણીને પૂજીએ છીએ. સમસ્ત હિન્દુ સમાજ શ્રીરામને ભગવાનરૂપ માની અને કેમ પૂજે છે! ભગવાન રામમાં અપાર શૌર્ય, અપાર બળ, અપાર વિદ્યા અપાર તેજ અને અપાર સૌંદર્ય હતા અને મહાન સદ્ગુણોથી વીભૂષિત હતા. ભગવાન રામ સત્ય અને વિશુદ્ધ પ્રેમની પરાકાષ્ટાએ પહોંચેલા હતા. પોતાનો સત્ય ધર્મને ખાતર અયોધ્યાની રાજ્ય ગાદીનો રાજ્યની સંપતી અને રાજ્યના સુખનો માતા પિતાનો ધનધામ અને ઇષ્ટ મિત્રોનો હસતે મુખડે ત્યાગ કર્યો હતો એટલે કે સર્વસ્વનો ત્યાગ કરી, સત્યધર્મનું પાલન કર્યું હતું અને પિતાના વચનનું પાલન કર્યું હતું. અને જગતની આગળ સત્ય ધર્મનો મહાન આદર્શ રજુ કર્યો હતો જગત આગળ માનવ ધર્મ પોતે જીવનમાં ઉતારી બતાવી આપ્યો હતો.

ભગવાન શ્રીકૃષ્ણે પણ પાંડવના સત્યના પક્ષમાં ભળી પાંડવોનો વિજય કરાવ્યો અને સત્ય પ્રેમને ખાતર મિથ્યાવાદી અભિમાની દુર્યોધનના રાજ્ય વૈભવ અને ઉત્તમ ભોગ્ય પદાર્થો મેવા, મિઠાઇઓ વીગેરેનો ત્યાગ કરી, અનન્ય ભકત વિદુરજીને ત્યાં જઇ વિદુરજીના વિશુદ્ધ પ્રેમ અને ભકિતરસથી રસબસતી ભાજી અને કેળાંની છાલનો બહુ પ્રેમથી સ્વીકાર કર્યો હતો. ભગવાને શ્રીરામ અને શ્રીકૃષ્ણરૂપે અવતાર લઇને ધર્મનું રક્ષણ કર્યું હતું. અધર્મીઓનો દુષ્ટોનો નાશ કર્યો હતો અને સત્યને પંથે ચાલનારા સતપુષોનું રક્ષણ કર્યું હતું. હજારો

વર્ષો વીતી ગયા છતાં આજે પણ હિન્દુ સમાજના દરેક નરનારીનાં મસ્તક ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણના પુનિત ચરણોમાં પ્રેમભાવે ઢળે છે અને રાત્રિ-દિવસ એમનું સ્મરણ ધ્યાન કરીને જીવન સફળ કરે છે. આવી રીતે ભારતવાસી હિન્દુ-સમાજ ઇશ્વર પરાયણ બની સદા ચરણ સેવી સ્વધર્મ અનુરાગી રહેતા આવ્યા છે.

આજના યુગમાં ભગવાન રામ ભગવાન કૃષ્ણ આદિ દેવી-દેવતાઓના ઉપાસક તો બહુજ વધી પડયા છે. પણ ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણના ઉત્તમ આદર્શને ભુલી જવાયું છે માનવધર્મ પણ ભુલાઇ ગયો છે આ આપણે ઉંડો વિચાર કરી બુદ્ધિ દ્વારા જો જોઇશું તો સ્પષ્ટ જણાય આવશે. કે આપણામાંથી દિન પ્રતિદિન સત્ય, દયા, પ્રેમ, પરોપકાર, સેવા આદિ મહાન ગુણોનો લોપ થતો જાય છે અને સ્વાર્થ, હૃદયની કઠોરતા, રાગદ્વેષ બેવફાઇ, મિથ્યાઅભીમાન, અહંભાવ આદિ દુર્ગુણો પોતાની સત્તા જમાવતા જાય છે. એમ આપણને જોવામાં નથી આવતું! આપણો અંતરાત્માજ જવાબ આપશે.

આપણે ઉપર ઉપરથી પ્રભુભજન, દેવદર્શન, સતશાસ્ત્રોનું પઠન પાઠન, ધ્યાન, જપ, સતસંગ આદિ કર્મ તો કર્યા કરીએ છીએ. આવી શુભ પ્રવૃત્તિઓ તો કર્યાજ કરીએ છીએ પણ તે સાથે આપણા દિલનો, આપણા મનનો કાંટો તપાસવા બહુ જરૂર છે. ચંચળ મન આપણને છેતરતું તો નથી ને! એ તપાસતા રહેવાની જરૂર છે.

પ્રભુના પ્યારાં ભકત શીરોમણી મીરાંબાઇ અનન્ય પ્રભુભકિતની પરોકાષ્ટાએ પહોચેલાં હતાં છતાં એમના ભજનમાં લખેલ છે કેઃ—

"યે મન મેરા બડા હરામી, જ્યું મદમાતો હાથી"

મનને મદમાદા હાથીની ઉપમા આપી છે અને એનાથી સાવધ રહેવા માટે એ ભજન દ્વારા આપણને પણ જાગ્રત રહેવાની સૂચના આપે છે. આપણે કેટલી માળા ફેરવી ગીતાજીના કેટલા અધ્યાયના પાઠ કર્યા.! કેવી ભાવનાથી સેવાના કાર્યો કર્યાં.! ભગવાન આ સઘળું જોઇ રહ્યા છે પણ તે કરતાં ભગવાન કહે છે કે- તમે જે કંઇ કરો છો તે કેટલા વિશુદ્ધ ભાવથી કરોછો ! કેટલા સ્વાર્થ ત્યાગથી નિષ્કામભાવે કરો છો! એ તરફ હું ખાસ જોઈ રહ્યો છું. બહારના આડંબર યુકત કરેલી ધાર્મિક ક્રિયાઓથી મને રીઝવવા પ્રયત્ન કરશો તે કરતાં નિર્મળ હૃદયથી અને વિશુદ્ધ ભાવથી કરેલી થોડીક ધાર્મિક ક્રિયા કરવાથી હું વધારે પ્રસન્ન થવાનો છું.

ભગવાન કહે છે કે, છળ, કપટ, પાખંડથી ભરેલા જીવન કરતાં હૃદયની સરલતા, પવિત્રતા અને સત્યતાથી ભરેલી રહેણી-કરણી મને વધારે પ્રીય છે.

જ્ઞાની યોગી બહુ મીલે, પંડિત ભક્ત અનેક
રામ રતા ઇન્દ્રિય જીતા, લાખોમાંથી એક
કહેણી મીસરી ખાંડ હૈ, રહેણી તાતા લોક
કહેણી સો રહેણી કરે, એસા વીરલા કોક

—: પ્રભુભકિતના માર્ગમાં પાખંડ તો નહીં જ ચાલે :—

—: ભજન :—

નહિ રે મળે તુજને નહિ રે મળે એ....ભાઇ મારા.
પાખંડ સેવ્યેથી પ્રભુજી નહિ રે મળે

દિલનો અરિસો તારો મેલથી ભરેલો વહાલા
આત્મ પ્રતિબિંબ એમાં કયાંથી રે પડે...ભાઇ મારા

જ્ઞાનની ગંગામાં તે તો સ્નાન નવ કીધું વહાલા
કરેલાં પાપ તારાં કયાંથી રે બળે....ભાઇ મારા

પ્રભુ રે ભજનની શાચી લગની ન લાગી વહાલા
સ્વારથ સાધવામાં તું તો શૂરો બહુ બને....ભાઇ મારા

સાચા રે સંતોનું તે શરણ નવ લીધું વહાલા
માન રે મોટાઇની તારી ભુખ નવ ટળે....ભાઇ મારા

હજી રે સમય છે બંદા ચેતીને ચાલ વહાલા
અવસર આવો તને ફરી નહીં મળે...ભાઇ મારા

'માલદેવ' તું તારા દિલને રંગી લે વહાલા
પાણી રે વલોવ્યે માખણ નહીં રે મળે....ભાઇ મારા

---

મનુષ્ય જ્યારે પોતાના સત્ય ધર્મ કર્મ ચુકી જાયછે ત્યારે એને ખ્યાલ રહેતો નથી કે સંસારનાં સુખ દુઃખ, હર્ષ શોક, માન, અપમાન. જય, પરાજય, ઉન્નતિ કે અવનતિ સંપત્તિ મળે કે વિપત્તિ આવે, જશ મળે કે અપજશ મળે. આ બધું પોતાના કરેલ શુભ કે અશુભ કર્મ પ્રમાણે પોતેજ ઉત્પન્ન કરે છે. અને શુભ અશુભ કર્મના ફળ સુખ અને દુઃખ પોતાનેજ ભોગવવાનાં હોય છે. એ કર્મની અટળ રચનાનો ખ્યાલ રહેતો નથી. અજ્ઞાનરૂપી ઘોર નિંદ્રામાં સુતેલા અભિમાની જીવને એ વાત સમજાતી નથી અને એથી કરીને આત્મશ્રેય માટે શુભ પુરૂષાર્થ કરવાની ઇચ્છાજ થતી નથી. કર્મની એવી અજબ રચના છે કે, કોઇ કોઇને કોઇ સુખ કે દુઃખ આપી શકતો નથી. કોઇ કોઇને મારી કે

જીવાડી શકતો નથી. કોઇ કોઇને લાભ કે નુકશાન પહોચાડી શકતો નથી. આ બધું મનુષ્યે પોતે કરેલા શુભ અને અશુભ કર્મોનું ફળ પોતાને જ ભોગવવું પડે છે.

બાવળનું ઝાડ વાવ્યા પછી આંબાના ફળની આશા રાખવી એ વ્યર્થ છે. દરેક મનુષ્યે પોતાના આત્મકલ્યાણના માર્ગમાં કે પોતાના કોઇ વહેવારીક કામમાં સફળતા મેળવવી ન મેળવવી. એ તો પોતાના શુભ અશુભ કર્તવ્ય પર આધાર રહેલો છે. જગતમાં મનુષ્યનો કોઇ શત્રુ પણ નથી. તેમ કોઇ મિત્ર પણ નથી. મનુષ્ય પોતાની કરણી અનુસાર પોતે પોતાનો શત્રુ છે અને મિત્ર પણ બની શકે છે. આ બધું :આપણા જ સુભ અને અશુભ પુરૂષાર્થ ઉપર આધાર રહેલો છે,

આ સંસારરૂપી ધર્મશાળામાં આપણે બધા મુસાફરો છે. સૌ સૌનાં કર્મ અનુસાર આ ધર્મશાળામાં ભેગા મળ્યા છીએ કર્મ અનુસાર જુદા પડી જવાના છીએ, એ પણ ચોક્કસ છે. સાથે રહીએ તે દરમિયાન આપણે એક બીજા સાથે હળીમળી કેમ રહેવું જોઇએ! કેવી રીતે એક બીજાના સુખ દુઃખમાં ભાગીદાર બનવું જોઇએ. એ જો આપણે બરાબર ન જાણી શકીએ અને આપણી અરસપરસની શું ફરજો છે તે જો ભુલી જઇએ તો આપણે સાચી શાન્તિ કે સુખ મેળવી શકીએ નહીં ખરી રીતે તો એક બીજા સાથે રહેવા માટે જેટલો સમય નિર્માણ થયેલા હોય તે સમયમાં આપણે એકબીજા સાથે ભલાઇથી અને સંપીથી વર્તીને એકબીજાની ભુલો દરગુજર કરી નીભાવી લઇને અરસપરસ આનંદ લેવાનો છે. આ મુસાફરખાના (ધર્મશાળા)માં આપણે એકબીજા પાછા કયારે મળશું તેની ખબર નથી તો ભેગા રહેવાનું બને ત્યાં સુધીમાં

હળીમળી પ્રેમભાવથી વર્તીને એકબીજાને સહકાર સુખ અને શાન્તિ આપી એકબીજાની પવિત્ર ફરજ બજાવી લેવાની છે. કોઇ સંતે કહેલ છે કે:—

જબ તુમ આયે જગતમે, લોક હસે તુમ રોય
એસી કરણી કર ચલો, તુમ હસે જગ રોય

હે ભાઇ! તારો જ્યારે સંસારમાં જન્મ થયો ત્યારે તો તું રડતો રડતો જનમ્યો અને તારા કુટુંબ કબીલા તો તારા જન્મથી આનંદ થતાં હસવા લાગ્યા અને આનંદ કરવા લાગ્યા પણ હે ભાઇ! આ જગતમાં રહીને તું એવી ઉત્તમ કરણી કર કે જેથી દુનિયામાં રહીને તારા સહવાસમાં આવનારને તારા કુટુંબીજનોને, તારા પાડોશીઓને, અને તારા સમાજને એમની સાથે હળીમળીને સુખ શાન્તિથી એવી રીતે તું તારૂં જીવન વીતાવ કે જેથી તારા મરણ પછી તારી કરેલી ભલાઇ અને તારામાં રહેલા સદ્‌ગુણોને, તારી પરોપકારી ભાવનાને અને તારી કરેલી નિષ્કામ ભાવે કરેલી સેવાને તે યાદ કરે. અને તારા ગુણોને યાદ કરતાં કરતાં તારાં કુટુંબીજનો અને જન-સમાજ તારા વિયોગથી તારા પ્રત્યેના પ્રેમના આસું વહાવે. અને મરણ વખતે પણ તે તારા જીવનમાં કરેલાં શુભ કર્મોને પ્રતાપે શાન્ત અને આનંદની સાથે હસતે મુખડે તું તારા મૃત્યુને વધાવી લેવાને તૈયાર રહે. આવી રીતે જીવવું અને મરવું એજ સાચું જીવવું અને મરવું છે. એમ મહાન પુરૂષો કહે છે.

જેને જીવતાં નથી આવડતું, તેને મરતાં પણ આવડે નહીં. જેને જીવતાં આવડે છે તેનેજ મરતાં પણ આવડે છે. આપણે

પણ જીવતાં શીખવું જોઇએ, અને મરતાં પણ શીખવું જોઇએ. આપણે આપણા જીવનમાં કદિ સતકાર્યો કર્યા ન હોય, પર ઉપકારી કાર્યો ન કર્યા હોય, સાચા દિલથીપ્રભુની ભક્તિ કરી ન હોય, કદિપણ દુઃખિયાના દુઃખમાં ભાગ લીધો ન હોય, કુટુંબની, જાતિની, સમાજની કે દેશની સાચા દિલથી સેવા કરવાની દિલમાં કદિ ઉર્મિઓ આવી ન હોય, ધર્મના ગાય માતાના કે બાઇઓ બહેનોના રક્ષણ માટે જ્ઞાતિ સમાજ કે દેશના રક્ષણ માટે જરૂર પડયે સર્વસ્વ ભોગ આપી પવિત્ર ફરજ બજાવવાની શુભ ભાવના કદિપણ ન પ્રગટી હોય અને માત્ર પોતાનોજ સ્વાર્થ સાધવામાં અને સંસારના વૈભવો ભોગવવામાંજ રચીપચી રહ્યા હોય અને હાય પૈસો! હાય પૈસો! એમ નીતીથી કે અનીતી પૈસો મેળવવા માટેજ જીવનભર પરિશ્રમ ઉઠાવ્યો હોય અને ભોળાં મનુષ્યોને દગલબાજી કરી છેતરી અને પોતાનો સ્વાર્થ સાધમાંજ પોતાની હોશિયારી બતાવી હોય, એવાઓને તો મરણ પ્રસંગે પોતાના જીવનમાં કરેલાં સર્વકૃત્યો સામા આવીને ઉભાં રહેશે, એ સમયે જીવ અકળાશે, ગભરાશે અને મનમાં મનમાં કહેશે કે. અરેરે...મારૂં શું થશે! મેં કદિ સતકાર્ય કર્યા નહી! ભલાઇ લઇ શકયો નહી! વિશ્વાસુ માણસ સાથે ઠગાઈ કરી ખોટી રીતે લાભ ઉઠાવ્યો! પૈસાને ખાતર અનેક પ્રકારના અનર્થ કર્યા! આ બધા વિચારો મરણ સમયે આવી ઉભા રહેશે. એ સમયે જીવને શાન્તિ રહેતી નથી અને એ અકળામણને લીધે શરીરમાં પણ પ્રાણ નીકળી શકતાં નથી અને મહાન કષ્ટનો અનુભવ થાય છે.

આંખોમાંથી આંસુ વહે છે. બોલી શકાતું નથી. પશ્ચાતાપ થાય છે, કે મનુષ્ય જેવો ઉત્તમ દેહ મળ્યો, એ મનુષ્ય જીવનમાં કંઈ સતકાર્ય પ્રભુભકિત કે પરઉપકાર વીગેરે કંઈ

કરી શકાયાં નહીં, અરે! મારૂં જીવન તો બરબાદ ગયું! એવી રીતે મનમાંને મનમાવલખાં મારે છે. સતશાસ્ત્રો કહે છે કે:—

**अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः**
**नित्यं सन्नि हितो मृत्युः कर्तव्यो धर्म संग्रहः**

અર્થ:– શરીર નાશવંત છે, સંસારના અનેક પ્રકારના વૈભવો એ પણ નાશવંત છે, વળી મૃત્યુ તો હમેશાં સામે જ ઉભું છે તો આવી સ્થિતિમાં ધર્મનું પાલન કરવું એજ કર્તવ્ય છે.

દરેક મનુન્ય જો રાત્રે સુતી વખતે કે સવારે ઉઠતી વખતે એટલું યાદ કરે કે મારે એક વખત મરવાનું તો છે જ. મૃત્યુ કયારે આવીને ઉભું રહેશે તે કહી શકાય નહીં. આટલી દરરોજ યાદી રાખે તોપણ મનુષ્ય અનેક અનર્થ (અન્યાયના કામ) કરતો અટકી જાય અને મનુષ્ય જીવનની સફળતા શેમાં છે એ બાબતનો વિચાર કરવા લાગશે.

આ પ્રમાણે જ્ઞાન વૈરાગ્ય પ્રભુભક્તિ દ્વારા મનને સમજાવવાનું છે, વશ કરવાનું છે, મનુષ્યને ઉન્નતિ કે અધોગતિને પંથે લઈ જનાર તો મન જ છે. એ મનને જે જીતે તેજ ખરો શૂરવીર છે. આ બાબતમાં સંત શ્રી નાનક સાહેબની બોધદાયક વાણી છે તે સાંભળો.

મનકા માનહી ત્યાગો સંતો મનકા માનહી ત્યાગો
કામ ક્રોધ સંગત દુર્જનકી તાતે અહોનીશ ત્યાગો
સુખ દુ:ખ દોનો સમ કરી જાનો માન અને અપમાના
હર્ષ શોકસે રહે અતીતા તેહી પ્રભુપદ પીછાના
નિંદા સ્તુતિ ત્યાગો ખોજો પરમતત્વ નીરવાણા
કહે 'નાનક' યે ખેલ કઠીન હે કીનહુ ગુરુ મુખજાના.

સંત નાનક સાહેબ સ્પષ્ટ કહે છે કે, હે ભાઇઓ! હે સંતો! કામ, ક્રોધ આદિ જે શત્રુઓ છે તેનો ત્યાગ કરો તેનાથી દૂર રહો. અને તમારે તમારૂં કલ્યાણ ઇચ્છવું હોય તો દુર્જન પુરૂષોનો સંગ કદિ પણ ન કરો, તેનાથી દૂર રહો.

આ સંસારમાં સૌ સૌનાં કર્મ અનુસાર સુખ અને દુઃખ માન અપમાન, હર્ષ શોક, એ તો બધું આવવાનું જ છે. તો તેનાથી અલિપ્ત રહો. નિંદા સ્તુતિ, સુખ દુઃખ, માન અપમાનને સરખાં લેખવામાં આવે અને સમભાવે રહી શકે, નીર્લેપ રહી શકે તેજ પ્રભુનો પ્યારો ભકત પરમપદને પ્રાપ્ત કરી શકે. નાનક સાહેબ કહે છે કે, આવી રીતે દ્વંદને જીતવું અને સમભાવે જીવન જીવવું એ સહેલું નથી કઠીણ છે. જ્ઞાન અને ભક્તિની ઉંચી ભૂમિકાએ પહોંચવું એ તો કોઇ શ્રોતીય અને બ્રહ્મનિષ્ટ મહાપુરૂષનો મેલાપ થઈ જાય અને એને ગુરુ બનાવી એમના ઉપદેશ પ્રમાણે વર્તવામાં આવે અને એ ઉપદેશને જીવનમાં ઉતારવામાં આવે તો આ ભકિતનો માર્ગ કઠીન છે છતાં સુલભ બનીને સદ્‌ગુરુની કૃપાથી આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે. અને કુસંગીઓના સંગથી પતન થાય છે. જીવનની બરબાદી બને છે. માટે દુર્જન પુરૂષોનો સંગ તો કદિ પણ ન કરવો.

**ભજન**

તજી દે મનવા દુરજનીયાનો સંગ—(૨)
જે સંગતથી કુબુદ્ધિ ઉપજે
કરે શાન્તિનો ભંગ ...તજીદે.

વિશુદ્ધ હૃદયથી પ્રેમ કરો ભલે, સદા કરાવો સતસંગ
કાગ કદિએ હંસ બને નહીં, ચડે ન ઉજ્વળ રંગ....તજીદે.

પ્રેમ થકી દુધપાન કરાવો, વિષ ન તજે ભુજંગ
જાતિ સ્વભાવ કદિ નવ પલટે, દુષ્ટ નવ સુધરે સુસંગ...તજીદે.

દુરાચારીને દુષ્ટ જનોનો, કદિ નવ કરશો સંગ
'માલદેવ'ને મળ્યો અનુભવ, તજજો દુરીજન સંગ...તજીદે.

આ ભજનના બનાવનાર માલદેવ રાણા પોતાના અનુભવની વાત કહે છે કે, હે ભાઇઓ! તમારે તમારૂં કલ્યાણ સાધવું હોય તો દુષ્ટ અને પાખંડીઓથી દૂર રહેજો. આવા દુર્જન પુરૂષોને એના હિત માટે બે શબ્દો કહેવા જશો તો ઉલટા ગુસ્સે થશે, ઉલટા આપણા શત્રુ બનશે અને પોતાના દુર્ગુણોને ઢાંકવા માટે પોતાનો ખોટો બચાવ કરવા હિતનું કહેવા જનારને કોઇપણ પ્રકારે બદનામ બનાવી તેનો વિરોધ કરશે, અને એમ કરવામાં એ આનંદ માનશે, સંતપુરૂષોએ તો દુરીજનના સંગથી દૂર રહેવા બહુ બહુ કહેલ છે.

નીચ નીચાઇ નવ તજે, ભલે કરે સતસંગ
તુલસી ચંદન લપેટતાં, વિષ ન તજે ભુજંગ

હૃદયો મેલો હોય, સંગતથી સુધરે નહીં
કાજળ ઉપર કોય, રંગન લાગે રાજીયા

કોયલા ન હોય ઉજળા, સો મણ સાબુ લગાય
મુરખને સમજાવતાં, જ્ઞાન ગાંઠનું જાય

મહાત્મા તુલસીદાસજીએ રામાયણમાં પણ કહેલ છે કે,

ખલ અઘ અગુન સાધુ ગુન ગાહા
ઉભય અપાર ઉધતિ અવ ગાહા
તે હિતે કછુ ગુન દોષ બખાને
સંગ્રહ ત્યાગ ન બિનુ પહિછાને

—卐—

અર્થ:— સજ્જન પુરૂષોના સદ્‌ગુણો અને દુર્જન પુરૂષોના દુર્ગુણોને ઓળખ્યા વીના સજ્જન પુરૂષોના સદ્‌ગુણોને સંગ્રહ કરવાનું અને દુરીજનના દોષોને તજી દેવાનું બની શકતું નથી માટેજ સજ્જનને અને દુર્જનને ઓળખવાની જરૂર છે. જો એ ઓળખવાની શક્તિ આપણામાં હશે તોજ સજ્જન પુરૂષોના ગુણનું ગ્રહણ કરી આપણે આપણું શ્રેય કરી શકશું. અને દુર્જનનો સંગ તજી દેશું.

આને માટે સતશાસ્ત્રોના જ્ઞાનની બહુજ જરૂર છે. કેટલાકની એવી માન્યતા છે કે, ભકિતને પંથે ચાલવામાં જ્ઞાનની શું જરુર છે! પણ એ સમજણ અધુરી છે. સતશાસ્ત્રોના આધાર વીનાની છે. આપણે સતશાસ્ત્રોના આધારેજ ભક્તિને પંથે ચાલવું જોઇએ.

સતશાસ્ત્રોમાંથી જે બોધ મળે એને જીવનમાં ઉતારવો અને એ બોધને સ્થિર કરવો તેનું નામ જ્ઞાનનિષ્ઠા છે.

જ્ઞાનનાં આઠ સાધનો છે. વિવેક, વૈરાગ્ય, ષડસંપત્તી, (સમ, દમ, સમાધાન, તીતીક્ષા અને મુમુક્ષતા) શ્રવણ મનન નિદિધ્યાસન ત્વંપદ અને તતપદના અર્થનું શોધન આ આઠ સાધનો છે. સતશાસ્ત્રોના જ્ઞાન વગરનો નર તો પશુ સમાન છે.

**निद्राभी मैथुना हाराः सर्वेषां प्राणिनां समाः**
**ज्ञानवान् मानवः प्रोक्तो ज्ञानहीनः पशुः प्रिये**

અર્થ:- નિંદ્રા કરવી, મૈથુન, ભય, ખાવું પીવું એતો સર્વ પ્રાણીઓને સરખાંજ છે. મનુષ્યને જ્ઞાન હોય તોજ તે મનુષ્ય કહેવાય, જ્ઞાન ન હોય તો તે પશુજ છે. અને ભક્તિ વીનાનું જ્ઞાન શુષ્ક (લુખું) છે.

શ્રી મદ્ ભાગવત સ્કંધ ૩ અધ્યાય ૩૨ સિદ્ધાંત સાર પ્રકરણ ૩૪
જ્ઞાનથીજ મોક્ષ થાય છે

**अज्ञान हृदय ग्रंथि नाशो मोक्ष इति स्मृतः**

અર્થ:- હ્રદયમાં જે અજ્ઞાનની ગાંઠો છે તેનો નાશ થઇ જાય અને જ્ઞાન થાય ત્યારે મોક્ષ મળે.

જ્ઞાનવાન મહાત્મા અત્યંત દુર્લભ છે.

**बहूनां जन्मना मंते ज्ञान वान्मां प्रपद्यते**
**वासुदेवः सर्व मिति स महात्मा सुदुर्लभ**

અર્થ:- અનેક જન્મોના અંતે સર્વ વાસુદેવ (ભગવાન) છે. એમ અનુભવ કરીને જ્ઞાનવાન પુરૂષ મને પ્રાપ્ત થાય છે. એવો મહાત્મા અત્યંત દુર્લભ છે. શ્રી મદ્ ભાગવદ ગીતા અ. ૭ શ્લોક ૧૯ ભગવાન શ્રીકૃષ્ણે શ્રી મુખેથી શ્રી મદ્ ભાગવત ગીતા દ્વારા જ્ઞાનનો મહિમા બતાવ્યો છે છતાં કોઇની એવી સમજણ હોય કે ભકિતના માર્ગમાં જ્ઞાનની જરૂર નથી તો તે સત-શાસ્ત્રોના આધાર વગરની અધુરી સમજણ છે.

કેટલાક સતસંગી ભાઇઓને મુખેથી પણ એવું સાંભળવામાં આવે છે કે, અગાઉના સમયમાં ઘણા ભકતો થઇ ગયા એમને શાસ્ત્રોનું કયાં જ્ઞાન હતું ! ત્યારે આંહી કહેવું

જોઇએ કે, જ્ઞાનના જે આઠ સાધનો બતાવ્યા છે તેમાં સૌથી પ્રથમ વિવેક છે અને વિવેક પછી વૈરાગ્ય છે તો વિવેક એટલે શું !

સંસારમાં નાશવંત વસ્તુ કઇ કઇ છે અને જેનો કદી નાશ ન થાય એવી વસ્તુ કઇ છે એ જાણવું તેનું નામ વિવેક છે. વિવેક દ્વારા જાણી શકાય છે કે, આ સંસારમાં જે દૃષ્ય પદાર્થો છે તે શઘળા નાશ થનારા છે. જેનું નામ પડયું તેનો નાશ થવાનો છે. જેનો કદ્દિપણ નાશ ન થાય તે તો એક અવિનાશી પરમાત્મા છે. ચૈતન્ય તત્વ છે. આમ વિવેક દ્વારા જાણવામાં આવે તેનું નામ જ્ઞાન, એ જ્ઞાન ચાહે તો શાસ્ત્રો વાંચીને મેળવો, ચાહે તો સંતપુરૂષોના સંગથી મેળવો, ચાહે તો સતસંગ દ્વારા મેળવો અને ચાહે તો જગતના કડવા અનુભવ મળ્યા પછી વૈરાગ્ય દ્વારા મેળવો. પણ એ જાણ્યા વીના પ્રભુભકિતને પંથે ચાલવામાં અનેક મુસ્કેલીઓ આવશે, આવરણો આવશે. માટે વિવેક દ્વારા જ્યારે તીવ્ર વૈરાગ્ય આવશે અને તે પછી મન અને ઇન્દ્રિઓને વશ કરવામાં આવશે અને સહનશીલતાનો ગુણ આવશે ત્યારે જ ભકિતનું સ્વરૂપ સમજાશે. અને પ્રભુમાં પ્રીતિ થશે. જ્ઞાનીની દૃષ્ટિ કેવી થઇ જાય છે! કબીર સાહેબ કહે છે.

સબ ઘટ મેરે સાંઇયાં સુની સેજ ન કોઇ
બલીહારી વો ઘટકી જા ઘટ પરગટ હોઇ
લાલી મેરે લાલકી જીત દેખું તીત લાલ
લાલી દેખનમેં ચલી મેંભી બન ગઇ લાલ
ઉપજી બઢાવે સો માનવી ઉપજી સમાવે સો સંત
જા હૃદયે ઉપજે નહી સો જાણો ભગવંત

અર્થ:- જેના રૂદયમાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ ઉઠયા કરે છે. તે માણસ છે અને સંકલ્પ ઉઠે છતાં પાછા

સમાવી દીએ તે સંત છે પણ જેને સંકલ્પ વિકલ્પ ઉઠતા જ નથી તેજ ભગવંત છે.

જેના સંકલ્પોનો નાશ થયો હોય તેના તો હાથમાં જ મુકિત છે. (વાંચો મણ્ડલ બ્રાહ્મણ ઉપનિષદ)
ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જ્ઞાની ભકત મને વહાલો છે.

**तेषां ज्ञानी नित्य युक्त एक भक्ति विंशिष्यते**
**प्रियो हि ज्ञानिनोऽत्यर्थं महंसच्च मम प्रियः**

ચાર પ્રકારના ભકતો છે તેમાં એકજ ભાવથી ભકિત કરનાર અને હમેશ કર્મયોગમાં જોડાંએલ સર્વ કરતાં ચડે છે તેવા જ્ઞાનીને હું ઘણો પ્રિય છું અને મને તે પ્રિય છે. (શ્રીમદ્ ભગવત ગીતા અધ્યાય ૭ શ્લોક ૧૭)
જ્ઞાન વડેજ મુકિત મળે છે. (વાંચો નારદ પરિવાજક ઉપનિષદ)

યોગ (અષ્ટાંગ યોગ) કરતાં પણ જ્ઞાન શ્રેષ્ટ છે.

(વાંચો યોગવશીષ્ટ મહારામાયણ સર્ગ ૧૩ પૃષ્ટ ૪૧)
વિચાર કરવામાં અશકત અને કઠોર મનવાળાને જ્ઞાન મેળવવું બહુ મુશકેલ છે અને જેનું મન શુદ્ધ છે તેવા વિચારશીલ પુરૂષને જ્ઞાન સુસાધ્ય છે (સહેલું છે)

મલીન અંતઃકરણવાળા પુરૂષ યોગમાં પ્રવૃત થાય છે (યોગ માર્ગ પસંદ કરે છે। (વાંચોં પુસ્તક મુમુક્ષ સાર પૃષ્ટ ૨૨૮) કોઇ ખેડુતને ખેતી કરવી હોય પણ ખેતીને લગતું જ્ઞાન નહીં મેળવે તો ખેતી કરવાથી શું લાભ મેળવવાનો છે ! કોઇને વકીલ થવું છે પણ કાયદાઓનું જ્ઞાન નહીં મેળવે તો વકીલાત કરવાથી અસીલોનું અને પોતાનું શું શ્રેય કરવાનો છે.

કોઇને વેપાર કરવાનો છે પણ વેપારને લગતો અનુભવ કે જ્ઞાન નહીં હોય તો એ વેપારી દીવાળું જ કાઢવાનો છે. એમ સમજવું. એવી રીતે મહાન વિરકત મહાપુરૂષોએ પોતાનો અનુભવ સતશાસ્ત્રો દ્વારા જગત આગળ સંસારીઓનાં કલ્યાણ માટે બતાવેલ છે એ સતશાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યા વીના આંધળી હડી કાઢશું તો કેટલી મુશ્કેલીઓ અને આવરણો આવે એતો સમજાય તેવી બાબત છે.

આપણે યાત્રામાં જવું હોય અગર મુસાફરી કરવી હોય તો આપણે પહેલેથી તપાસ કરીએ છીએ કે, જ્યાં જવું હોય ત્યાંની ટીકીટના કેટલા પૈસા આપવા પડશે! ટ્રેન કયારે ઉપડશે! કયાં કયાં બદલાશે! જ્યાં જ્યાં જઇએ ત્યાં ઉતરવા માટે રહેવા માટે શું શું સગવડો છે! એ જાણવા માટે અને મુસાફરીને લગતું જ્ઞાન મેળવવા ઇચ્છા કરીએ છીએ અને જ્ઞાન મેળવવાથી મુસાફરીમાં સુગમતા પડે છે તો આ સંસારમાં આપણે બધા મુસાફરો છે. આપણે તો બહુ લાંબી મુસાફરી કરવી છે. અને એ મુસાફરીમાં અનેક મુશ્કેલીઓ આવે તેમ છે. તો આ સંસારરૂપી ભવાટવીમાં આપણે ભુલા ન પડીએ અને જે સ્થાને પહોંચવું છે તે સ્થાને સરળતાથી પહોંચાય તે માટે શું કરવું જોઇએ! એને માટે કેટલી તૈયારી જોઇએ! સાથે શું શું સાધનો જોઇએ! એ બાબતનો જરાપણ વિચાર કર્યા વીના અને સતશાસ્ત્રોરૂપી (મુસાફરીની રેલવે ગાઇડનો) આધાર લીધા વગર આંધળી દોટ મુકીએ તો અનેક પ્રકારના આવરણો આવવાનાં જ. માટે એવાં આવરણોને દુર કરવા માટે સતશાસ્ત્રોનો આધાર અને જે દેશમાં આપણે પંહોંચવું છે એ દેશનો જેને અનુભવ છે જેણે એ દેશ જોયો છે એવા અનુભવી ભોમીયા (સદ્‌ગુરુ) ની પણ ખાસ જરૂર પડશે અને આપણી

પણ પુરતી તૈયારી હશે તોજ આ લાંબી મુસાફરી પસાર કરી અને આપણા ધ્યેયને પહોંચી શકશું. એટલે સતશાસ્રોના જ્ઞાનની અને શ્રોતિય બ્રહ્મનિષ્ઠ એવા સદ્‌ગુરુની તો અત્યંત જરૂર છે. એમના આધાર લીધા વીના આ ભવાટવીમાં આપણા મનસ્વી સ્વભાવને આધીન બનીને મુસાફરી કરીશું તો અવશ્ય ભુલા પડીશું અને ધ્યેયને પહોંચવામાં માટે અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી કરીશું. માટે જ્ઞાનરૂપી ટોર્ચ (પ્રકાશ) ને આધારે આગળ વધવાથી સુગમ પડે છે.
હે પ્રભુ! જ્ઞાનનો દીપક પ્રગટાવો.

( રાગ-ભેરવી )

દિલમાં જ્યોત જગાવો, દયાળુ પ્રભુ દિલમાં જ્યોત જગાવો
અંધકાર છાયો અંતરમાં, જ્ઞાન દિપક પ્રગટાવો....દિલમાં.

દર્શન કરૂં દીનબંધુ તમારાં, અંજન એવું લગાવો
મોહ મમત્વ મનથી ત્યાગું, જ્ઞાનનો માર્ગ બતાવો...દિલમાં.

પાપને પંથે કદી ન ચાલું, સદા સદ્‌બુદ્ધિ આપો
રાગ દ્વેષ દિલના સહુ જાયે, દૂરગુણ દૂર હટાવો....દિલમાં.

દિન દાસ પર દયા કરીને, ભકિતનો રંગ ચડાવો
માલદેવ બીજું નવ માગે, જનમ મરણ મીટાવો...દિલમાં.

આવી રીતે આત્મસ્વરૂપને ઓળખવા માટે પ્રભુભકિતને પંથે ચાલવા માટે સતશાસ્રોના જ્ઞાનની અને સતસંગની તો ખાસ જરૂર છે. તેવી રીતે ભગવાનની ભકિત વિનાના માત્ર શાસ્રોના જ્ઞાનની પણ બહુ મહત્તા નથી પણ એ જ્ઞાન પ્રભુભકિતના રસથી રસ બસતું હોવું જોઇએ એટલે કે જ્ઞાન સાથે પ્રભુભકિતની જરૂર છે.

**उपासना विहीनस्य सर्वशास्त्र विदोऽपिवा**
**चित विक्षेप हानिः स्यान्नैव कलपान्त रे रपि**

આ પ્રમાણે રામગીતામાં પણ લખેલું છે કે, ભગવાનની ઉપાસના વગર (ભગવાનની ભકિત વગર) મનુષ્યો ભલે ઘણાં સતશાસ્ત્રો ભણી વિદ્વાનની ગણનામાં ગણાતો હોય છતાંપણ અનેક કલ્પોમાં પણ તેના ચિત્તનો વિક્ષેપ અથવા અશાન્તિ દૂર થવાની જ નથી તો એક કલ્પની તો વાત જ શું કરવી.

ભગવાનની વિશુદ્ધ ભાવથી ભકિત કરવાથી જ મનના મેલ (મળ) વિક્ષેપ અને આવરણો દુર થાય છે.

આ જગતમાં મનુષ્યોને ત્રણ વસ્તુ બહુજ કઠીણતાથી મળે છે.

ભગવાન શંકરાચાર્ય કહે છે કે:—

**दुर्लभं त्रयमेवैतद्देवानुग्रह हेतुकम ।**
**मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुष संश्रयः ॥**

અર્થ:- મનુષ્ય જીવનમાં (માણસાઇ) માનવ ધર્મને ઓળખવો. મુમુક્ષુત્વ એટલે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટેની તીવ્ર ઇચ્છા પ્રગટાવવી અને મહાન પુરૂષો (ગુણવાન પુરૂષો) નો સંગ આ ત્રણ બાબતો મનુષ્ય જીવનમાં બહુ જ લાભકારક છે પણ મળવી બહુ કઠીણ છે.

— ભગવાન શ્રીરામચંદ્રજી કહે છે કે, —

**यदा पुण्य विशेषेण लभते संङ्गतिं सताम ।**
**मद्‌भक्तानां सुशान्तानां तदाम द्विषया मतिः ॥**

અર્થ:- જે સમયે કોઇ પુણ્ય કર્મનો ઉદય થાય છે ત્યારે શાન્ત સ્વભાવવાળા મારા પ્રેમી ભકતોને સાચા વિરકત સંતોની સંગત મળી જાય છે ત્યારે એ જીવાત્માનું ચિત્ત

મારા તરફ વળે છે અને મારી ભકિત કરવાની ભાવના જાગે છે. (પ્રીતિ જાગે છે.)

— સતસંગ મહિમા —

: ભજન ;

આતો મારી અનેક જનમની કમાણી રે
સતસંગ મને સાંપડયો હોજી
મેંતો મારા કર્મની ગતી હવે જાણી રે......સતસંગ.
કુપંથ તજીને હું તો સુપંથે કેમ ચડી આવ્યો
એતો મારા દિલને અચંબો બહૂ થાતો રે....સતસંગ.
આંધળાને આંખો આપી મુંગાને મળી છે વાચા
પ્રભુને પ્રતાપે હું તો પ્રભુ ગુણ ગાતો રે...સતસંગ.
પ્રીત રે બંધાણી પ્યારા પ્રભુની સંગાથે રે
ભક્તિરૂપી અમૃત હું તો પીતો અને પાતો રે...સતસંગ.
માનો કે ન માનો ભાઇ ભક્તિની ગંગામાં હું તો
રામની કૃપાથી માલદેવ પ્રેમે નિત્ય નહાતો રે...સતસંગ.

—............—

પ્રેમ ભાવ એક ચાહિએ વેષ અનેક બનાય
ભાવે રહો ઘર મહીં ભાવે વનમાં જાય

આપણે ભલે અનેક પ્રકારના ત્યાગીના વેષ પહેરીયે પણ એ માત્ર વેષ પહેરવાથી ભગવાન રીઝવાના નથી. ભગવાનને તો સાચા રૂદયનો પ્રેમ જોઇએ છે. એ ભગવાન પ્રત્યેનો વિશુદ્ધ પ્રેમ તમે ચાહે તો વનમાં જઇને જગાવો, ચાહે તો ત્યાગીના કપડાં પહેરીને અને ચાહે તો તમારા ઘરમાં રહીને જ્યાં રહો ત્યાં રહીને પણ ભગવાનમાં સાચી

પ્રીતિ પ્રગટાવવાની છે. સાચી પ્રીતિ વીના બીજા બધા બહારના દેખાવોની બહુ કિંમત નથી. કબીર સાહેબે કહેલ છે કે,

બહાર કહા દીખાઇએ અંતર કહીએ રામ
નહીં મામલા ખલક શું પડયો ધણી શું કામ

કબીર સાહેબે આ સાખીમાં બહૂજ સરસ અને સ્પષ્ટ બતાવી આપ્યું છે કે, ભગવાનની ભક્તિ દુનિયાને દેખાડવાની નથી. એ ભક્તિનો બહાર દેખાવ કરવાની શું જરૂર છે. ભગવાનને તો અંતરથી ભજવાના છે. અને એ પ્રભુ સાથે કામ છે.

પ્રભુના સાચા ભક્તોને દુનિયા સાથે કંઇ કામ નથી કંઇ સ્વાર્થ સાધવાનો નથી અને ભગવાનની ભક્તિ દુનિયાને બતાવવા કરવાની નથી. ભક્તિ કરીને જેને રીઝવવા છે તે અંતરયામી ભગવાન રામ તો સર્વ જોઇ રહ્યા છે. અને એની સાથે જ ભક્તને કામ છે. તો ભક્તિનો દેખાવ બહારથી દુનિયાને દેખાડવા પુરતો કરવામાં આવે તો તે દંભ અને ખોટો ડોળજ કહેવાય. એનાથી ભગવાન રીઝે નહીં.

બહારનો ભક્તિનો દેખાવ કરી દુનિયાને રીઝવવાની શું જરૂર છે. અરે! દુનિયા તો રીઝે તો પણ ઠીક છે, ખીજે તો પણ ઠીક છે. ભગવાન રીઝે એવી રીતની ઉત્તમ રહેણી-કરણી કરી લેવાની છે. દુનિયા તો આજે જેને પૂજ્ય ગણી પુજતી હોય તેને કાલે નાલાયક ગણીને હડધૂત કરતી હોય છે. અને આજે પુલના હાર ચડાવે, તો કાલે ધૂળ ઉડાડે તો તેમાં નારાજ થવાનું નથી. આપણે તો આપણી રહેણી-કરણી ઉપર નજર રાખવાની છે. કે આપણાથી કંઇ અધમ કે અનીતીનાં કાર્ય થતાં નથી ને! એ સદા જોવાનું છે. આપણું જીવન સદાચરણી હશે તો દુનિયાને તો એને મેળે સત્ય વસ્તુ સમજાય જશે. ભગવાન રાજી થાય

એવી રીતનું જીવન જીવશું તો દુનિયા તો રાજી થવાની જ છે. છતાં જગતના દરેક મનુષ્યોને આપણે રાજી કરી શકીએ જ નહીં.

ભગવાનના અવતારરૂપે માનીએ એવા ભગવાન રામ ભગવાન શ્રીકૃષ્ણ અને એવા અનેક સંતો, ભકતો, મહાપુરૂષો દેશભકતોની પણ નિંદા કરી છે, ભગવાનની ભકિત કરવામાં ને દુનિયાનું ભલું કરવામાં જેમણે જીવન વીતાવ્યા છતાં એવાઓને પણ ઝેર દઈને, ખંજર હૂલાવીને, ક્રોસે ચડાવીને. અને રીવલવોરની ગોળીથી ઠાર કર્યા છે છતાં એ મહાન પુરૂષો પોતાના કર્તવ્યને પંથેથી ચલિત થયા નથી.

આપણે પણ એ મહાન પુરૂષોના ઉત્તમ આદર્શમય જીવનમાંથી એજ બોધ લેવાનો કે આપણે પણ પ્રભુભકિતને પંથે, સતકાર્યને પંથે, સેવાને પંથે ચાલીને માનવ ધર્મનું પાલન કરીને આપણે આપણા જીવનનું સાર્થક કરી લઈએ. જગત આપણા માટે શું કહે છે તે તરફ લક્ષ આપવા કરતાં આપણે આપણું જીવન પવિત્રપણે વિતાવીએ છીએ કે નહીં એ દરરોજ આપણે તપાસતા રહેવાની જરૂર છે. આપણી ઉન્નતિનો પંથ મુકાય ન જવાય તે જોતા રહેવા જરૂર છે.

કોઈ સંતના ભજનમાં છે:—

"કોઈ કહે તેને કહેવા દો, અપને રામ ભજનમાં રહીએજી"

આ પ્રમાણે આપણે આપણો સત્યનો પંથ કદિ ચુકવો નહીં. અને સંસાર વહેવારના કામને ગૌણ માનીને ભગવાનનું સ્મરણ અને પરહિત કરવું એજ મુખ્ય બાબત છે એમ માનીને પ્રીતેથી સતકાર્ય કરી, જીવન પુરૂં કરવાનું છે, આપણી રહેણી-કરણી સત્યતાથી ભરેલી હોવી જોઈએ.

સંત કબીર સાહેબ એક ભજનમાં કહે છે કેઃ—

□

સંતો અમે સત્ય નામના વેપારી (૨)
કોઇ કોઇ લાવે રૂપા પીતલ, કોઇ કોઇ લવીંગ સોપારી
હું લાવ્યો છું નામ ધણીનું, પુરણ ખેપ અમારી... સંતો

હાટ જકાતી ન રોકે કોઇ, સોદો નિર્ભય ભારી
પુંજી ન ખુટે નફો ચો ગણો, વણજ કર્યો મેં ભારી.... સંતો.

મોતી અમુલ્ય ઘટમાં નીપજે, સુકૃત ભર્યા કોઠારી
નામ પદારથ લઇને ચાલ્યો, સાચો વણજ વેપારી.... સંતો.

—⁂—

અર્થઃ- હે સંતો! હું તો ભગવાનના સત્ય નામનો વેપાર કરવા માટે વેપારી બન્યો છું. આ સંસારમાં અનેક પ્રકારના ધંધા કરે છે. કોઇ ઝવેરીઓ ચાંદી સોનાનો વેપાર કરે છે. કોઇ કંસારા તાંબા-પીતલનો વેપાર કરે છે. કોઇ ગાંધી લવીંગ, સોપારી, એલચી, કેશર વગેરેનો વેપાર કરે છે. એમ અનેક પ્રકારના ધંધા કરી જીવન વીતાવે છે. પણ મને એવો ધંધો કરવામાં સુઝ ન પડી. મારૂં એ ધંધો કરવામાં દિલ ન ચોટયું, મેં જે ધંધો આદર્યો છે એ તમને તો ગમે કે ન ગમે, તમારી દ્દષ્ટિમાં કદાચ આ મારો ધંધો લાભકારક ન પણ લાગે, પણ મેં તો ભગવાનના નામનો વેપાર આદર્યો છે. આ વેપારમાં જે જે ખેપ કરી એમાં હું તો બહુજ કમાણો છું. એવું મને લાગે છે. અને મારી ખેપ સફળ થઇ છે એમ માનું છું. આ મારા હાટમાં રામનામરૂપી કીંમતી માલની આવજાવ થાય છે છતાં એ માલ ઉપર જકાતી જકાત લઇ શકાતો નથી. વળી આ વેપારમાં કોઇ જાતનું જોખમ તો છેજ નહીં.

કોઇ પણ જાતના ભય વગરનો આ વેપાર છે. આ વેપારમાં મોટો લાભ તો એ છે કે, જેટલી પુંજી (સતકાર્યોરૂપી) રોકીએ તો તેમાં ઘટાડો તો થતોજ નથી. આ ધંધામાં ખોટ તો લેશમાત્ર નથી. પણ અનેક ગણો નફો છે. હે સંતો! મેં તો એવો લાભકારક કલ્યાણકારક વેપાર કરી નફો મેળવ્યો કે એની હુ શું પ્રશંશા કરૂં! રામનામરૂપી અમુલ્ય મોતી મેળવવા માટે મારે કયાંય બહાર ફાંફાં મારવાં પડયાં નથી. મને ભગવાનની અને સદ્ગુરુની કૃપાથી એ રામનામરૂપી કીંમતી ઝવેરાત મારા રૂદયમાંથીજ મળી આવ્યું. એ મોતીના પ્રતાપે તો સંતસેવા, પ્રભુભજન, પરોપકાર. દયા, દાન, દિનતા, ક્ષમા, ઉદારતા, નિડરતા, આધિનતા આવા સદ્ગુણોરૂપી માલનો મારા રૂદયરૂપી કોઠારમાં સંગ્રહ કરેલો છે. હે સંતો! આ સંસારમાં આવી અને વેપારી બનીને આવ્યો, અને સત્યનો વેપાર કરી રામનામરૂપી અમુલ્ય વસ્તુને મેળવીને હુ તો જાઉં છું.

હે સંતો! હે સંસારના મનુષ્યો! તમે પણ મેં વેપાર કર્યો એવો ખોટ વગરનો વેપાર કરી લેજો. આ વેપારમાં તો પરમ આનંદ અને અચળ શાન્તિની પ્રાપ્તિ થાય છે. બીજા વેપારો કરી તમે લાખો કરોડોની સંપત્તિ મેળવી શકશો પણ સાચી શાન્તિ અચળ સુખ તો કદિપણ મેળવી શકશો જ નહીં. મને આ વેપારમાં મહાન લાભ થયો છે માટે તમોને કહી છુટું છું. જગતના બીજા વેપારની સાથે આ વેપાર પણ કરી લેવા જેવો છે. તમારા લાભ માટે આગ્રહ કરીને કહું છું. છતાં મારા વચનમાં વિશ્વાસ ન આવે અને તમે એમ કહો કે અમારામાં પણ ડહાપણ છે. અમે બધું સમજીએ છીએ. તમારા ઉપદેશની અમને જરૂર નથી એમ કહી બેદરકાર બની તમે

તમારાં મનસ્વી સ્વભાવ પ્રમાણે ચાલી ખોટના વેપાર કર્યા કરો તો તમને કોણ રોકી શકે!

સંગત બિચારી કયા કરે રૂદયા ભયા કઠોર
નવ નેજા પાણી ચડે પણ પથર ન ભીંજે કોર

એહી બાત હૈ અટપટી ઝટપટ નહીં સમજાય
જો મનકી ખટપટ તજે તો ઝટપટ દર્શન થાય

સંગતથી સુધર્યો નહીં વાંકી બડા અભાગ
સોના કેરે પીંજરે રહ્યો કાગ કો કાગ

શાસ્ત્ર શબ્દ સુણ્યા બહુ મટ્યો ન મન અનુરાગ
સતસંગથી સુધર્યો નહીં તાકી બડી અભાગ

ભકિત ભકિત સહુ કહે ભકિત જાણે કોક
દુરગુણ દિલથી નવ તજે તેની ભકિત ફોક

મનુષ્ય જેવો ઉત્તમ અવતાર મળ્યો, સજ્જન પુરૂષોનો સંતપુરૂષોનો સંગ મળ્યો, છતાંપણ તેના બોધની કંઇ અસર ન થાય અને દિલના દુર્ગુણો દૂર ન કરી શકાય તો જાણી લેવું કે તે ભાગ્યહીન છે. મનુષ્યના શરીરરૂપી કીંમતી સુવર્ણના પાંજરામાં જીવરૂપી કાગડાને રાખવામાં આવ્યો પણ શુભ પુરૂષાર્થ કરી જીવમાંથી શીવરૂપ ન બની શકયો પણ કાગડો ને કાગડોજ રહ્યો તો એમાં સંતપુરૂષોનો કે સજ્જન પુરૂષોનો શું દોષ! એ જીવજ અભાગીઓ કે જીવ મટી શીવ થવા માટે એને કંઇ સતકાર્ય કે પ્રભુભક્તિ કરવામાં પ્રીતિજ ઉત્પન્ન ન થઇ.

એ અભાગીયા જીવને કોઇ દિવસ એમ પણ ન સમજાયું કે આ શરીરરૂપી સોનાનું પીંજરૂં મને મળ્યું છે. તો આવા ઉત્તમ શુશોભિત પીંજરામાં હું કાગડારૂપે શોભીશ નહીં મારે હંસ, પોપટ, કે મેનાના ગુણ મેળવવા જ જોઇએ અને એમ થવાથી જ મારી અને આ દેહરૂપી પીંજરાની શોભા અને સાર્થકતા બનશે પણ એમ કરવાનું અભાગીયા જીવને એ કદિ ન સુઝયું અને કાગડો ને કાગડો રહીને મનુષ્યોને અને પશુ પક્ષીઓને ત્રાસ આપી તિરસ્કારને પાત્ર બન્યો અને જ્યાં ગયો ત્યાં હડધૂત કરી મને કાઢ્યો.

આપણે આપણું કલ્યાણ ઇચ્છવું હોય તો કાગડાના જેવા અને બગલાના જેવા સ્વભાવ દૂર કરી અને હંસના સ્વભાવ ધારણ કરી અને કુટુંબમાં. પાડોશમાં, જ્ઞાતિમાં, સમાજમાં અને દેશમાં સહુના પ્રીતિપાત્ર બનીએ અને મંગલ કાર્યો કરી અને શાન્તિમય જીવન વીતાવી મનુષ્ય જીવનનું સાર્થક કરીએ એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના.

તૃષ્ણા સરિતા પૂરમાં કંઇક તણાતા જાય
'માલદેવ' પ્રભુશરણથી સત્ય વસ્તુ સમજાય

●

રાગ દ્વેષની અગ્નિમાં તપી રહ્યો સંસાર
'માલદેવ' પ્રભુભક્તિથી પહોંચાશે ભવપાર

□

તમામ ધર્મશાસ્ત્રોનો સાર તો એજ છે કે, જો શાન્તિમય અને સુખમય જીવન વિતાવવું હોય તો સાચા દિલથી

ભગવાનની શરણાગતી સ્વીકારી અને ભગવાનની ભક્તિ કર્યા સિવાય બીજો ઉપાય નથી અને એ માટે પ્રથમ સતશાસ્ત્રોનું જ્ઞાન મેળવવું જોઇએ અને જ્ઞાનના આઠ સાધનો બતાવ્યાં તે ધારણ કરવાં જોઇએ. તે વગર પ્રભુભક્તિની સાચી લગની લાગશે નહીં અને પ્રભુ પ્રત્યેની સાચી લગની વીના પરમપદની પ્રાપ્તિ થવાની નથી.

આપણે શ્રદ્ધાપૂર્વક સતશાસ્ત્રોનું શ્રવણ કરી તેનું મનન કરીને વિવેક અને વૈરાગ્ય દ્વારા મન અને ઇન્દ્રિઓને વશ કરી અને રૂદયને નિર્મળ બનાવી સંસારમાંથી મોહ મમત્વ દૂર કરી, અહંભાવ દૂર કરી અને વિશુદ્ધ ભાવથી ભગવાનનું સ્મરણ ધ્યાન કરી કલ્યાણ સાધી લેવાનું છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌બુદ્ધિ અને શકિત આપે અને પ્રભુભકિતને પંથે ચાલી કર્તવ્ય પરાયણ બનીને માનવ ધર્મનું પાલન કરીને મનુષ્યના આકારમાં પશુ જેવા ન બનતાં સાચા મનુષ્ય બનીને આપણે આપણું સમાજનું તથા દેશનું હિત કરવા સદા તત્પર રહીએ એજ પ્રાર્થના.

પ્રેમભકિત જલ બીન રઘુરાઈ, અભ્યંતર મલ કબહુ ન જાઇ
તવ પદ પંકજ પ્રીતિ નિરંતર, સબ સાધન કર ફલ યહ સુંદર

જપ તપ મખ શમ દમ વ્રત દાના વિરતી વિવેક યોગ વિજ્ઞાના
સબ કર ફળ રઘુપતિ પદ પ્રેમા તેહુ બિના કોઇ ન પામે ક્ષમા

(રામાયણ)

ર્યા
ાન
રણ
ાશે
ની

ાન
ાશ
ત્વ
નું
ણી
થે
ને
ને
ાર

ઈ
ર
॥
।

## —❀ પ્રભુ પાસે યાચના ❀—

વિનય વિદ્યા અમારામાં, પ્રભુજી સર્વદા ભરજો
શુશીલ શાણા સદાચારી, અમોને ઈશ્વરા કરજો
અનીતિ પાપને ઈર્ષા, અમારા દુર્ગુણો હરજો
નીતિ ભક્તિ પ્રીતિ નિશદિન, રૂદય નિર્દોષતાં ભરજો
અમારી ભાવના બુદ્ધિ, પ્રભુ નિર્મળ સદા કરજો
રૂડી વાણી રૂડું વર્તન, વિચારો પણ રૂડા કરજો
અમોને તન વચન મનથી, વિશુદ્ધ પ્રેમી સદા કરજો
પ્રભુ ભકિત પિતા ભકિત, દેશ ભકિત ઉરે ધરજો
ભરો તો સંપ સાદાઈ, અને સંતોષ પણ ભરજો
નથી નિર્બળ થવું અમને, શૂરાને સદ્ગુણી કરજો
જુવો જે જે ભુલો ભગવંત, અમારી સર્વ તે હરજો
નિરંતર ચરણમાં નમીએ, વિનંતી ઉરમાં ધરજો.

જીવન પ્રેસ : સુદામા રોડ,—પોરબંદર.